R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-2009-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૧ ● તા. ૧૧મી માર્ચ, ૨૦૦૯ ● અંક નં. ૧૩

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : ભાગ્યેશ જહા

સંપાદક : અરવિંદ આર. પટેલ  કાર્યવાહક સંપાદક : વિનોદ જે. મેસરીયા  સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ રૂા. ૩૦/- છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા-તાલુકા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

E-mail : pub1-info@gujarat.gov.in  www.gujaratpublications.com  Phone No. : 079-232-53440

## સ્ટાફ સિલેકશન કમિશન : નવી દિલ્હી

## જુનિયર ટ્રાન્સલેટર્સ (CSOLS)ની ભરતી માટેની પરીક્ષા-૨૦૦૯

**સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા ભારત સરકારની સેન્ટ્રલ સેક્રેટરીએટ ઓફિશીયલ લેંગ્વેજ સર્વિસમાં જુનિયર ટ્રાન્સલેટર્સ (CSOLS-ગ્રુપ-બી) ની ભરતી માટે અખિલ ભારતીય ધોરણે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. : ૨૦-૩-૨૦૦૯**

**પરીક્ષાની તારીખ : ૨૪-૫-૨૦૦૯**

❑ **જગાનું નામ :** જુનિયર ટ્રાન્સલેટર્સ

❑ **જગાની સંખ્યા :** જગાની સંખ્યા પાછળથી જાહેર કરવામાં આવશે. અનુ. જાતિ/જનજાતિ/અ.પ.વ. માટે કેન્દ્ર સરકારના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર અનામત જગાઓ રહેશે.

❑ **પગાર ધોરણ :** રૂા. ૯,૩૦૦-૩૪,૮૦૦+રૂા. ૪૨૦૦ ગ્રેડ પે.

❑ **નિમણૂક :** પસંદ થયેલા ઉમેદવારે ભારતમાં ગમે ત્યાં તેમજ કેન્દ્ર સરકારના ગમે તે મંત્રાલય/વિભાગ/કચેરીમાં ફરજ બજાવવાની રહેશે.

❑ **વયમર્યાદા :**

➢ ઉમેદવારની વય તા. ૨૦-૩-૨૦૦૯ના રોજ ૩૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (કેન્દ્ર સરકારના કર્મચારીઓને સરકારના નિયમો મુજબ ૩૫ વર્ષની ઉંમર સુધીની છુટછાટ આપવામાં આવશે.)

➢ અરજી રજુ કરવાની તારીખે મેટ્રિક્યુલેશન/સેકંડરી એકઝામિનેશન સર્ટિફિકેટ અથવા સમકક્ષ સર્ટિફિકેટમાં નોંધવામાં આવેલી જન્મતારીખ જ કમિશન દ્વારા સ્વીકારવામાં આવશે અને પાછળથી તેમાં ફેરફાર કરવાની વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહિ અથવા મંજૂર રાખવામાં આવશે નહિ.

➢ **ઉપલી વયમર્યાદામાં નીચે જણાવ્યા મુજબ છુટછાટ આપવામાં આવશે.**

(અ) અ.જા./અ.જ.જા. ઉમેદવારોને પાંચ વર્ષની છુટછાટ

(બ) અ.પ.વ. ઉમેદવારોને ત્રણ વર્ષની (તા. ૨૫-૧-૧૯૯૫ના ઠરાવ ડીપીએનટીઓએમ નંબર ૪૩૦૧૩/૨/૯૫ Estt-એસ.સી.ટી. તથા ત્યારબાદ થયેલા સુધારાઓ મુજબ)

(ક) શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારને દસ વર્ષની. અ.જા./અ.જ.જા./અ.પ.વ.ના શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોને ઉપર (અ) અને (બ)માં જણાવેલી છુટછાટ ઉપરાંત દસ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

(ડ) કેન્દ્ર સરકારના કર્મચારીઓ કે જેમણે તા. ૨૦-૩-૨૦૦૯ના રોજ નિયમિત ધોરણે (કામચલાઉ ધોરણે નહિ) ઓછામાં ઓછી સળંગ ત્રણ વર્ષ સેવા બજાવી હોય તેમને ૩૫ વર્ષ સુધી (અ.જા./અ.જ.જા. ઉમેદવારોને ૪૦ વર્ષ સુધી અને અ.પ.વ. ઉમેદવારોને ૩૮ વર્ષ સુધી) છુટછાટ આપવામાં આવશે.

➢ એક્સ સર્વિસમેનની વ્યાખ્યા અને તેને લગતી અન્ય વિગતો માટે તા. ૨૧-૨-૨૦૦૯નું એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ જોઈ જવા વિનંતી.

➢ જે ઉમેદવારો અ.જા./અ.જ.જા./અ.પ.વ.ની અનામત જગાઓમાં અરજી કરવા માગતા હોય તેઓએ અરજી સાથે સક્ષમ અધિકારીનું નિયત નમુનામાં પ્રમાણપત્ર બિડવું અથવા તેઓએ અ.જા./અ.જ.જા./અ.પ.વ.ના દરજ્જા માટે કરેલી માગણીને ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

❑ **શૈક્ષણિક લાયકાત :** (૨૦-૩-૨૦૦૯ના રોજ)

➢ માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક કક્ષાએ હિન્દી અથવા અંગ્રેજી ફરજિયાત અથવા મરજીયાત વિષય હોય અથવા પરીક્ષાના માધ્યમ તરીકે હોય અથવા હિન્દી કે અંગ્રેજીમાં અનુસ્નાતક અથવા તેને સમકક્ષ **અથવા**

➢ સ્નાતક કક્ષાએ પરીક્ષાનું માધ્યમ હિન્દી અથવા અંગ્રેજી હોય અથવા હિન્દી કે અંગ્રેજી ફરજિયાત અથવા મરજિયાત વિષય હોય અથવા હિન્દી/અંગ્રેજી સિવાય કોઈપણ વિષયમાં અનુસ્નાતક અથવા તેને સમકક્ષ **અથવા**

➢ સ્નાતક કક્ષાએ હિન્દી અને અંગ્રેજી ફરજિયાત અથવા મરજિયાત વિષય હોય અથવા હિન્દી/અંગ્રેજી પૈકી ગમે તે એક વિષય પરીક્ષાના માધ્યમ તરીકે હોય તો બીજો વિષય ફરજિયાત અથવા મરજિયાત હોવો જોઈએ. અથવા હિન્દી અને અંગ્રેજી સિવાયની કોઈપણ વિષયમાં અનુસ્નાતક અથવા તેને સમકક્ષ **અથવા**

➢ હિન્દીમાંથી અંગ્રેજીમાં તેમજ અંગ્રેજીમાંથી હિન્દીમાં અનુવાદ અંગેનો માન્યતા પ્રાપ્ત ડિપ્લોમા/પ્રમાણપત્ર કોર્સ કરેલો હોવો જોઈએ અથવા રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીમાં હિન્દીમાંથી અંગ્રેજીમાં કે અંગ્રેજીમાંથી હિન્દીમાં અનુવાદ અંગે બે વર્ષનો અનુભવ હોવો જોઈએ.

➢ **ઈચ્છનીય :** હિન્દી ઉપરાંત બંધારણમાં માન્ય સત્તાવાર ભાષાઓ પૈકી કોઈ એક ભાષાની જાણકારી.

➢ માન્ય યુનિ.માંથી હિન્દીમાંથી અંગ્રેજી અથવા અંગ્રેજીમાંથી હિન્દી અનુવાદને લગતો ડિગ્રી/ડિપ્લોમા.

➢ તા. ૨૦-૩-૨૦૦૯ના રોજ લાયકાત માટેની જરૂરી લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતાં ન હોય તેવા ઉમેદવારો અરજી કરવાપાત્ર નથી.

❑ **ફી : રૂા. ૧૦૦/-.** અ.જા./અ.જ.જા./શારીરિક ખોડખાંપણવાળા અને એક્સ-સર્વિસમેન ઉમેદવારોએ ફી ચુકવવાની રહેતી નથી. સર્વિસ ક્લાર્ક તેમની કરાર સર્વિસના છેલ્લાં વર્ષમાં હોય તો તેઓને ફીની ચુકવણીમાંથી મુક્તિ આપેલ નથી. જે એક્સ-સર્વિસમેન સરકારી નોકરીમાં જોડાયા હોય તેઓને બિનઅનામત ઉમેદવાર ગણવામાં આવશે અને આથી તેઓને ફી ચુકવણીમાંથી મુક્તિ આપેલ નથી.

❑ **ફી ચુકવણી પદ્ધતિ :**

ઉમેદવારોએ ફી **''સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ''** દ્વારા ચુકવવાની રહેશે. આ સ્ટેમ્પ દેશની તમામ વિભાગીય પોસ્ટ ઓફિસમાંથી મળી રહેશે. આ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ અરજીપત્રકના ડાબી બાજુના ખૂણે છેક ઉપર આ હેતુસર ફાળવેલ જગામાં ચોંટાડવી. આ સ્ટેમ્પ કોઈપણ પોસ્ટ ઓફિસના કાઉન્ટર ક્લાર્ક પાસે સ્ટેમ્પ ઇસ્યુ કરનાર પોસ્ટ ઓફિસની તારીખનો સિક્કો મારીને એવી રીતે રદ કરાવવી કે રદ કરેલી સ્ટેમ્પની છાપ અરજીપત્રક પરના થોડા ભાગમાં પડે. પરંતુ સાથોસાથ આ સ્ટેમ્પ, પાછળના કોઈપણ તબક્કે ઇસ્યુ કરનાર પોસ્ટ ઓફિસની તેમજ તારીખની જાણ સરળતાથી થઈ શકે તે માટે સ્પષ્ટ પડેલી હોવી જોઈએ. પોસ્ટ ઓફિસમાંથી સ્ટેમ્પ રદ કરાવ્યા બાદ ઉમેદવારે, અન્ય ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા બાદ રાબેતા મુજબ કમિશનની સંબંધિત રિજિયોનલ ઓફિસને પોતાની અરજી મોકલવી.

❑ **નોંધ :** એકવાર ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં પરત મળશે નહિ.

➢ કોઈપણ અન્ય રીતે ભરેલી ફી જપ્ત કરવામાં આવશે અને આવી અરજીઓ રદ કરવામાં આવશે.

➢ સંબંધિત પોસ્ટ ઓફિસમાંથી ઉપર જણાવેલ પદ્ધતિથી સ્ટેમ્પ રદ કરાવી નહિ હોય તો આવી અરજી રદ કરવામાં આવશે.

❑ **પરીક્ષા કેન્દ્ર, કોડ નંબર અને અરજીઓ મોકલવાનું સરનામું:**

➢ ઉમેદવારે અત્રે દર્શાવેલ કેન્દ્રોમાંથી માત્ર એક કેન્દ્ર પસંદ કરવું. કેન્દ્રમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ. ઉમેદવારે પોતાની અરજી પોતે પસંદ કરેલા કેન્દ્ર સામે આપેલા સરનામે જ મોકલવી. આથી ઉમેદવારે પોતાનું પરીક્ષા કેન્દ્ર કાળજીપૂર્વક પસંદ કરવું અને અરજીમાં સ્પષ્ટ રીતે દર્શાવવું.

➢ **નોંધ :** કોઈપણ સંજોગોમાં પરીક્ષા કેન્દ્રમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

➢ કમિશન કોઈપણ કેન્દ્રને રદ કરીને તે કેન્દ્રના ઉમેદવારને અન્ય કેન્દ્ર ખાતે પરીક્ષા આપવાનું કહેવાનો અધિકાર ધરાવે છે. કમિશન કોઈપણ કેન્દ્રના ઉમેદવારને કોઈ અન્ય કેન્દ્ર ખાતે પરીક્ષા આપવાનું કહેવાનો અધિકાર પણ ધરાવે છે. અરજીઓ નીચે દર્શાવેલ કેન્દ્ર મુજબ કમિશનની રીજિયોનલ કચેરીઓના સરનામે મોકલી આપવી.

| Sl. No. | Centre of Examination and Centre Code | Address to which Applications should be sent |
|---|---|---|
| 01 | Delhi-121, Jaipur-170, Dehradun-148 | Regional Director (NR), Staff Selection Commission, Block No. 12, C.G.O. Complex, Lodhi Road, New Delhi-110003. |
| 05 | **Ahmedabad-551,** Nagpur-515, Panaji-531, Mumbai-501 | Regional Director (WR), Staff Selection Commission, 1st Floor, South Wing, Pratishta Bhavan, 101, M. K. Road, Mumbai, Maharashtra-400020. |

❑ **અરજી કેવી રીતે કરશો ?**

➢ ઉમેદવારોએ પોતે પસંદ કરેલા કેન્દ્રની સામે આપેલા સરનામે નિયત નમૂના મુજબ એ-૪ સાઈઝના કાગળમાં અરજી તૈયાર કરવી અથવા ઉમેદવારો ''એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ'' (તા. ૨૧-૨-૨૦૦૯)માં છાપવામાં આવેલ નિયત નમૂનાનો ઉપયોગ કરી શકશે. અરજીપત્રકના કોલમો બોલ પોઈન્ટ પેનથી ભરવા. સફેદ કાગળ પર ડબલ સ્પેસમાં કાગળની એક જ બાજુએ અરજીપત્રક ટાઈપ કરી શકાશે. નિયત નમૂના મુજબના કદનું છાપેલું અરજીપત્રક પણ ઉપયોગમાં લઈ શકાશે. અરજીપત્રક ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં ભરવું. અરજીપત્રકમાં યોગ્ય જગાએ તેમજ કબૂલાતનામામાં પોતાની સહી કરવી. કેપીટલ/બ્લોક અક્ષરોમાં સહી કરવી નહીં. અન્યથા ઉમેદવારને જાણ કર્યા વગર અરજી રદ કરવામાં આવશે.

➢ **નોંધ :** નિયત નમૂના પ્રમાણે અને નિયત કદ પ્રમાણેના અરજીપત્રક પ્રમાણે અરજી કરી નહિ હોય તો અરજી રદ કરવામાં આવશે.

➢ અરજી ધરાવતા પરબીડિયાં પર મોટા અક્ષરે **"APPLICATION FOR JUNIOR TRANSLATORS (CSOLS) EXAM-2009"** એમ લખવું તથા ઉમેદવાર પોતે જે સ્થળે

➔

બેસવા માગે છે તે પરીક્ષા કેન્દ્રનું નામ કેપીટલ અક્ષરોમાં ડાબી બાજુના ખૂણે લખવું.

- અ.જા./અ.જ.જા./અ.પ.વ.ના ઉમેદવારોએ તેમની કક્ષા પરબીડિયા પર દર્શાવવી.
- ઉમેદવારોએ અરજી સાથે મોકલવાના પ્રમાણપત્રોને પ્રમાણીત કરવા માટે સ્વયં પ્રમાણીત કરવાનો અથવા સ્વયં પ્રમાણીત ફોટોકોપી મોકલવાનો વિકલ્પ આપવામાં આવે છે. અથવા રાજપત્રિત અધિકારી પાસે પ્રમાણીત કરાવેલી નકલો મોકલવાનો વિકલ્પ આપવામાં આવે છે.
- આમ છતાં, ઈન્ટરવ્યૂ/પર્સનાલીટી ટેસ્ટ વખતે અસલ દસ્તાવેજોની સત્યતા ચકાસવામાં આવશે.
- પ્રમાણપત્રોને સ્વયં પ્રમાણીત કરનાર ઉમેદવારોને ચેતવવામાં આવે છે કે કોઈપણ પ્રમાણપત્રને ખોટી રીતે પ્રમાણીત કરીને કમિશનને ગેરમાર્ગે દોરવાનો કે પરીક્ષાનો લાભ મેળવવાનો પ્રયાસ એ ગુન્હો બને છે. આવા ઉમેદવારને ગેરલાયક ઠરાવી તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવાર પોતાની અરજી સંબંધિત રીજિયોનલ/સબ રીજિયોનલ કચેરીએ રૂબરૂ આપી શકે છે.

**❑ અરજી સાથે જોડવાનાં પ્રમાણપત્રો :**

- **રૂ. ૧૦૦/-**નો સેન્ટ્રલ રિક્રૂટમેન્ટ ફી સ્ટેમ્પ.
- તાજેતરમાં પડાવેલો સારી ગુણવત્તાવાળો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અરજીપત્રકમાં નિર્દિષ્ટ જગાએ ચોંટાડવો.
- રૂ. ૬/-ની ટપાલ ટિકિટવાળું પોતાના સરનામાવાળું એક પોસ્ટ કાર્ડ. ઉમેદવારે પોસ્ટ કાર્ડ પર **"APPLICATION FOR JUNIOR TRANSLATORS (CSOLS) EXAM-2009"** એમ દર્શાવવું.
- પોતાના સરનામાવાળું રૂ. ૫/- ની ટપાલ ટિકિટ લગાવેલું ૧૨ સે.મી. × ૨૫ સે.મી.ની સાઈઝનું એક પરબીડિયું.
- અ.જા./અ.જ.જા./અ.પ.વ./શારીરિક ખોડખાંપણ (અસ્થિ)ની ખામી (OH)/શ્રવણની ખામી (HH)/એક્સ સર્વિસમેન ઉમેદવાર તરીકેના દાવાના સમર્થનમાં પ્રમાણપત્રો.
- ઉંમર દર્શાવતા મેટ્રિક્યુલેશનના પ્રમાણપત્રની તેમજ શૈક્ષણિક લાયકાતના પુરાવા માટે વર્ષવાર ગુણપત્રકોની પ્રમાણિત નકલો.
- વયમર્યાદામાં છૂટછાટ મેળવનાર ઉમેદવારોના કિસ્સામાં જરૂરી પ્રમાણપત્રો.
- યોગ્ય રીતે ભરેલું અરજીપત્રક.
- જો ઉપર જણાવેલાં પ્રમાણપત્રો અરજી સાથે સામેલ નહિ હોય તો અરજી તાત્કાલિક અથવા ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે રદ કરવામાં આવશે.
- અધૂરી અથવા સહી વગરની અરજીઓ અથવા ફોટોગ્રાફ/ફી વિનાની અરજીઓ અથવા છેલ્લી તારીખ બાદ આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહિ.
- અરજીપત્રકો કમિશનની સંબંધિત રીજિયોનલ કચેરીઓ ખાતે **તા. ૨૦-૩-૨૦૦૯**ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યા પહેલાં મળે એ રીતે મોકલી આપવાનાં રહેશે. ટપાલના વિલંબ બદલ કમિશન જવાબદાર રહેશે નહિ.
- **અરજી સાથે મૂળ પ્રમાણપત્રો મોકલવા નહિ.**
- એક પરબીડિયામાં એક જ અરજી મોકલવી.
- ઉમેદવારોએ અરજીપત્રકમાં છેક નીચે તેમજ ફોટોગ્રાફની નીચે ફાળવેલ જગામાં તેમજ એટેન્ડન્સ શીટમાં એકસરખી પદ્ધતિથી અને એક જ ભાષામાં કાળી શાહી/કાળી બોલપેનથી સહી કરવી. જો આ સહીઓમાં ફેરફાર જણાશે તો ઉમેદવારી રદ કરવામાં આવશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો તાજેતરમાં પડાવેલો સારી ગુણવત્તાવાળો ફોટો ચોંટાડવો (સ્ટેપલર, ટાંકણીનો ઉપયોગ કરવો નહિ) અને આવો જ એક બીજો ફોટોગ્રાફ એડમિશન સર્ટિફિકેટ જ્યારે તેઓને મળે ત્યારે તેના પર ચોંટાડવા માટે રાખવો.
- અરજીપત્રકનો નમૂનો ડાઉનલોડ કરવા તથા વિગતવાર જાણકારી માટે **તા. ૨૧-૨-૦૯**નો એમ્પ્લોયમેન્ટ ન્યૂઝનો અંક અથવા **વેબસાઈટ http://www.ssc.nic.in** જોવી.

●

# ઈન્ટેલીજન્સ ઓફિસર માટે સીધી ભરતી

**અધિક પોલીસ મહાનિદેશક, સીઆઈડી ઈન્ટેલીજન્સ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૧૮, પોલીસ ભવન, ગાંધીનગર**

**વેબસાઈટ : www.police@gujarat.gov.in**

**સીઆઈડી ઈન્ટેલીજન્સ ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતે વર્ગ-૩ પો.સ.ઈ. સમકક્ષ ઈન્ટેલીજન્સ ઓફિસરોની નવી મંજૂર થયેલ જગ્યાઓ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં નીચે દર્શાવેલ વિગતો સાથે અરજીઓ મગાવવામાં આવે છે.**

❑ **જગ્યાનું નામ :** ઈન્ટેલીજન્સ ઓફિસર

❑ **ભરવાપાત્ર જગ્યાઓ :** GENERAL - 22, OBC- 12 , ST - 07, SC - 03, TOTAL - 44

❑ **વયમર્યાદા :** અરજી કરનાર જનરલ કેટેગરીના ઉમેદવાર તા. ૩૧-૩-૨૦૦૯ના રોજ ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ નહીં તેવી વયના હોવા જોઈએ. આ ભરતી પૂરતું ઉપલી વયમાં સરકારે વધુ ત્રણ વર્ષની છૂટછાટ આપવાનો નિર્ણય કરેલ છે. તેથી ૩૧ વર્ષ સુધીની વય ધરાવનાર અરજી કરી શકશે.

- આ ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને તથા મહિલા ઉમેદવારોને ઉપરની વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છૂટ મળવાપાત્ર છે.
- માજી સૈનિક હોય તેવા ઉમેદવારોને સને ૧૯૭૫ના ગુજરાત રાજ્ય સેવા (વર્ગ-૩ની જગ્યાઓ અને સેવાઓમાં માજી સૈનિકો માટે ખાલી જગ્યાઓ અનામત રાખવા અંગેના) નિયમોના નિયમ-૫ મુજબ ઉપલી વયમર્યાદામાં છૂટ મળવાપાત્ર થશે. માજી સૈનિકો માટેની અનામત જગ્યાઓ ઈન્ટરલોક્યુટરી પ્રકારની હોઈ જેથી કેટેગરી સામે ગણવાની રહેશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાનો લાભ લેવા ઉન્નત વર્ગ (ક્રિમીલેયર)માં નહીં આવતા હોવાનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે.
- રાજ્યના પોલીસ દળમાં હાલ લોકરક્ષક તરીકે ફરજ બજાવતા ઉમેદવારો જો આ જગ્યાઓ પૈકીની કોઈપણ જગ્યા માટે અરજી કરવાની ઈચ્છા ધરાવતા હોય તો તેઓને તેમના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં ૩૧ વર્ષ સુધીની છૂટ આપવામાં આવશે. આ પૈકીના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પુરૂષ ઉમેદવારોના કેસમાં વયમર્યાદામાં મળવાપાત્ર પાંચ વર્ષની છૂટ ઉપરાંત વધુ ત્રણ વર્ષની છૂટ આપવામાં આવશે. એટલે કે તેમના કિસ્સામાં ઉપલી વયમર્યાદા ઉ.વ. ૩૯ની રહેશે.

❑ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર ભારતમાંની કેન્દ્ર અથવા રાજ્યના વિધાનમંડળ દ્વારા પસાર કરાયેલ અધિનિયમ હેઠળ ઊભી કરાયેલ યુનિવર્સિટી અથવા સંસદના કોઈ અધિનિયમ હેઠળ સ્થપાયેલ માન્ય શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ ૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરાયેલ શૈક્ષણિક સંસ્થાની કોઈપણ વિદ્યાશાખાની સ્નાતક ડિગ્રી અથવા રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ તેની (ડિગ્રી) સમકક્ષ કોઈપણ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

- વધુમાં ઉમેદવારને ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. ઉપરાંત ઉમેદવારને કોમ્પ્યુટરની પણ જાણકારી હોય તે જરૂરી છે.

❑ **શારીરિક માપદંડ :** ઉમેદવાર ૧૬૫ સે.મી.થી ઓછી ઊંચાઈ ધરાવતો હોવો જોઈએ નહીં. (મૂળ ગુજરાતનો વતની હોય તેવો અનુસૂચિત જાતિનો ઉમેદવાર ૧૬૦ સે.મી.થી ઓછી ઊંચાઈ ધરાવતો હોવો જોઈએ નહીં) અને ફુલાવ્યા વગરની છાતી ૭૯ સે.મી.થી ઓછી થવી જોઈએ નહીં. તેમજ છાતી ફુલાવવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલવી જોઈએ.

❑ **પરીક્ષા ફી :** પરીક્ષા માટે ઉમેદવારોએ **રૂ. ૧૦૦/-**નો ગમે તે રાષ્ટ્રીયકૃત બેંકનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી **ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ ટુ એડીશનલ ડી.જી.પી. (ઈન્ટે.) પેએબલ એટ એસ.બી.આઈ. મુખ્ય શાખા, જુના સચિવાલય ,ગાંધીનગર**ને ચૂકવવાનો રહેશે.

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા માજી સૈનિક કેટેગરીના ઉમેદવારોને પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે.

❑ **પગાર ધોરણ :** પસંદ થયેલા ઉમેદવારોને નાણાં વિભાગના તા. ૧૬-૨-૦૬ના તથા ૧-૮-૦૬ના ઠરાવો મુજબ માસિક રૂા. ૪૫૦૦/-ના ફીક્સ પગારથી નિમણૂક આપવામાં આવશે. ત્યારબાદ નિયમાનુસાર નિયત પગાર ધોરણ રૂા. ૫૫૦૦-૯૦૦૦માં નિમવામાં આવશે.

❑ **સ્પર્ધાત્મક પરીક્ષાના તબક્કા :** સ્પર્ધાત્મક પરીક્ષાની વિષયવસ્તુ તથા તબક્કા અંગેની વિગતો તથા અન્ય શરતો **www.police @gujarat.gov.in** ઉપરથી ઉમેદવારે વિઝીટ કરી મેળવી લેવાની રહેશે.

❑ **અરજીપત્રક મોકલવાનું સરનામું :** વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરેલ અથવા આ સાથેના નમૂના મુજબનું અરજીપત્રક તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં ચૂકવવાની ફી/જરૂરી પ્રમાણપત્રો/ફોટો સહિત નીચેના સરનામે રૂબરૂમાં અથવા સાદી ટપાલથી મોકલવાના રહેશે.

**અધિક પોલીસ મહાનિદેશકની કચેરી,**
**(ઈન્ટે.), બીજો માળ, પોલીસ ભવન,**
**સેક્ટર-૧૮, ગાંધીનગર. પીન ૩૮૨૦૧૮**

- સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારે નિમણૂક મેળવ્યા બાદ નાણાં વિભાગના તા. ૧૮-૩-૦૫ના ઠરાવ ક્રમાંક નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પાર્ટ)પી ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવામાં આવશે. તથા આ અંગેના વખતોવખત બહાર પડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો નિમણૂક પામેલ ઉમેદવારને લાગુ પડશે.
- આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમ અનુસાર જાળવવામાં આવશે.
- આ જગ્યાઓ સરકારના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પદ્ધતિને અનુસરીને કરવામાં આવશે.
- કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર ઉમેદવારે નિયત કરેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. ઉમેદવાર ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક એક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (ડોએક) સોસાયટીના કોર્સ ઓન કોમ્પ્યુટર (સીસીસી)નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈએ અથવા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૧-૨૦૦૫ના ઠરાવથી નક્કી કર્યા મુજબ સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનિક /તાલીમી સંસ્થાના સર્ટિફિકેટ/ડિગ્રી/ડિપ્લોમાના અભ્યાસક્રમ કે જેને સીસીસી લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરેલ છે તેનું પ્રમાણપત્ર/માર્કશીટ ઉમેદવાર ધરાવતો હોવો જોઈએ. આ પ્રમાણપત્ર ઉમેદવારને આખરી પસંદગી થયેથી સા.વ.વિ.ના તા. ૩૦-૯-૦૬ના ઠરાવ નંબર પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક મુજબ અજમાયશી સમય દરમિયાન મેળવી લેવાનું રહેશે. હાલમાં આવું પ્રમાણપત્ર નહીં ધરાવનાર ઉમેદવાર પણ અરજી કરી શકશે.
- ઉમેદવારે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત થતાં કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- માજી સૈનિકો માટે સરકારના ધારાધોરણ મુજબ જગ્યાઓ અનામત રાખવામાં આવશે.
- ઉમેદવાર રાજ્યની સેવા માટે બધી જ રીતે યોગ્ય છે તેમ જણાશે અને સત્તાધિકારીને સંતોષ થશે તેવા જ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવશે.
- જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેનો હક્ક એ.ડી.જી.પી. (ઈન્ટેલીજન્સ)ને રહેશે. આ માટે તેઓ કોઈપણ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહીં.

**અધિક પોલીસ મહાનિદેશક** ➔

➔ **અરજીપત્રક**

| | |
|---|---|
| | **ઇન્ટેલીજન્સ ઓફિસર (વર્ગ-૩)ની જગ્યા માટેનું અરજીપત્રક** |
| **કોમ્પ્યુટરના ઉપયોગ માટે** | |

| | |
|---|---|
| પરીક્ષા ફી-૧૦૦ રસીદ નંબર ................. તારીખ .................... પરીક્ષા ફી લેનારની સહી | ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |

૧. ઉમેદવારનું નામ (અંગ્રેજીમાં બ્લોક લેટરમાં લખવું)

| | |
|---|---|
| અટક | |
| નામ | |
| પિતા/પતિનું નામ | |

૨. કાયમી સરનામું (નામ સિવાય લખવું અને સરનામું અંગ્રેજીમાં બ્લોક લેટરમાં લખવું)

પિનકોડ નંબર

૩. કેટેગરી લાગુ પડતામાં (✓)થી બતાવવું.

| | | | |
|---|---|---|---|
| (૧) સામાન્ય | ( ) | (૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | ( ) |
| (૨) અનુ. જાતિ | ( ) | (૫) માજી સૈનિક | ( ) |
| (૩) અનુ. જનજાતિ | ( ) | (૬) રાજ્ય પોલીસમાં કોન્સ્ટેબલ/હેડકોન્સ્ટેબલ/આસિ. સબ ઇન્સ્પે. | ( ) |

૪. ઉમેદવાર પુરૂષ કે મહિલા ? (લાગુ પડતા (✓)માં કરવું) પુરૂષ ( ) મહિલા ( )

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫. જન્મ તારીખ | D | D | M | M | Y | Y | Y | Y |

૬. તારીખ ૩૧-૩-૨૦૦૯ના રોજની ઉંમર ...................... દિવસ ...................... માસ ...................... વર્ષ

૭. શૈક્ષણિક લાયકાત

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ/યુનિ.નું નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ/ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ડિગ્રી | | | |
| ૨ | કોમ્પ્યુટર જાણકારી સંબંધી કોર્ષનું નામ ....... | | | |

૮. શારીરિક માપ :

(પુરૂષ ઉમેદવારે નીચેની માહિતી આપવી)
ઊંચાઈ ..................... સે.મી.
છાતી (૧) ફુલાવ્યા વગર ....................... સે.મી.
(૨) ફુલાવેલ .............................. સે.મી.
(ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલતી હોવી જોઈએ.

(મહિલા ઉમેદવારે નીચેની માહિતી આપવી)
ઊંચાઈ ............................ સે.મી.
વજન ............................. કિ.ગ્રા.

**સોગંદનામું**

હું આથી એકરાર કરૂં છું કે, ઉપર જણાવેલ બધી વિગતો સાચી છે. વધુમાં, જો કોઈ માહિતી ખોટી જણાય તો મંડળ દ્વારા જે પગલાં લેવાશે તે મને મંજૂર અને બંધનકર્તા રહેશે.

સ્થળ :

તા. / /૦૯ (અરજદારની સહી)

# આણંદ કૃષિ યુનિવર્સિટી : આણંદ

**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના ક્ષેત્રાધિકારમાં આવેલ જુદી જુદી કચેરીઓમાં નીચે દર્શાવેલ ક્રમ-૧ની વર્ગ-૨ની જગ્યા નિયમિત પગાર ધોરણમાં તથા ક્રમ-૨ થી ૧૬ની વર્ગ-૩ની જગ્યાઓ ફીક્સ પગારના અજમાયશી ધોરણે પાંચ વર્ષના સમયગાળા માટે નિમણૂક આપવાની થતી હોઈ જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજી મગાવવામાં આવે છે. ફીક્સ પગાર પર નિમાયેલ ઉમેદવારને પાંચ વર્ષ બાદ સરકારના ધારાધોરણ મુજબના નિયત પગાર ધોરણમાં મૂકવામાં આવશે.**

| ક્રમ | જગ્યાનું નામ | પગારધોરણ | જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર/એકાઉન્ટ ઓફિસર/ઓડિટર ઓફિસર અને તેની સમકક્ષ | રૂા. ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ | ૨ |
| ૨. | જુનિયર ક્લાર્ક | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧૩ |
| ૩. | સહાયક સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ) | રૂા. ૪૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧૦ |
| ૪. | સહાયક સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (કૃષિ ઇજનેરી) | રૂા. ૪૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૬ |
| ૫. | સહાયક સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ (ડેરી)/ડેરી સુપરવાઈઝર | રૂા. ૪૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૪ |
| ૬. | સહાયક વેટરનરી ઓફિસર | રૂા. ૪૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૨ |
| ૭. | સહાયક X-રે ટેકનિશિયન | રૂા. ૩૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧ |
| ૮. | સહાયક ક્રાફ્ટ ટીચર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧ |
| ૯. | સહાયક બાલવાડી ટીચર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧ |
| ૧૦. | સહાયત ખેતી મદદનીશ (બેકલોગ-અનુસૂચિત જનજાતિ) | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૮ |
| ૧૧. | સહાયક પ્રોગ્રામર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૩ |
| ૧૨. | સહાયક ટ્રેસર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧ |
| ૧૩. | સહાયક લાઈવસ્ટોક ઇન્સ્પેક્ટર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૨ |
| ૧૪. | સહાયક ક્રાફ્ટમેન (ફીટર/ટર્નર/ઇલેક્ટ્રિશિયન/વેલ્ડર) | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૪ |
| ૧૫. | સહાયક ક્રાફ્ટ ટીચર | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૧ |
| ૧૬. | સહાયક મિકેનિક/સિનિયર મિકેનિક | રૂા. ૨૫૦૦/- ફીક્સ પગાર (પ્રતિમાસ) | ૪ |

● અરજીપત્રકનો નમૂનો, અનામત અંગેની વિગત, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ અંગેની સૂંપર્ણ વિગત આ યુનિવર્સિટીની **Website : www.aau.in** પરથી મેળવી શકાશે. **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** ૩૧-૩-૨૦૦૯ રહેશે. **કુલ સચિવ** ●

# Department of Biotechnology

Department of Biotechnology, Ministry of Science & Technology is establishing an Agri Food cluster comprising of **NATIONAL AGRI-FOOD BIOTECHNOLOGY INSTITUTE (NABI)** and **BIOPROCESSING UNIT (BPU)** along with Agri-food Biotechnology Park in the knowledge city, Sector-81, Mohali, Punjab, NABI will be an apical R & D center that encompasses three sub Institutions in the area ofAgri-Biotechnology, Food technology and Nutrition Sciences. Thus it integrates 3 disciplines under its roof. BPU is designed to link R & D system with production facility to serve as an incubator for start-up agri-food companies. The Department of Biotechnology invites applications for various posts to be filled on direct recruitment basis for NABI and BPU.

**Bioprocessing Unit Positions**

| | |
|---|---|
| **Senior Manager (Administration & Finance)** | Pay Scale : Rs. 16400-450-20000 (pre revised); Rs. 37400-67000 plus Grade Pay Rs. 8900 (Revised) **No. of Post :** 1 (one) |
| **Manager (Finance)** | Pay Scale : Rs. 12000-375-16500 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 7600 (Revised) **No. of Post :** 1 (one) |
| **Manager (Administration)** | Pay Scale : Rs. 12000-375-16500 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 7600 (Revised) **No. of Post :** 1 (one) |
| **Unit Engineer** | Pay Scale : Rs. 10000-325-15200 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 6600 (Revised) **No. of Post :** 1 (one) |

**National Agri-Food Biotechnology Institute Unit Positions**

| | |
|---|---|
| **Institute Engineer** | Pay Scale : Rs. 10000-325-15200 (pre revised); Rs. 15600-39100 (Grade Pay Rs. 6600 Revised) **No. of Post :** 1 (one) |
| **Assistant Engineer** | Pay Scale : Rs. 6500-200-10500 (pre revised); Rs. 9300-34800 (Grade Pay Rs. 4200 Revised) **No. of Post :** 2 (two) |
| **Manager (Administration)** | Pay Scale : Rs. 12000-375-16500 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 7600 (Revised) **No. of Post :** 1 (one) |
| **Manager (Finance)** | Pay Scale : Rs. 12000-375-16500 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 7600 (Revised) **No. of Post :** 1 (one) |
| **Administrative & Finance Officer** | Pay Scale : Rs. 10000-325-15200 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 6600 (Revised) **No. of Post :** 2 (two) |
| **Store Purchase Officer** | Pay Scale : Rs. 10000-325-15200 (pre revised); Rs. 15600-39100 plus Grade Pay Rs. 6600 (Revised) **No. of Post :** 1 (one) |
| **Computer Operator** | Pay Scale : Rs. 4500-125-7000 (pre revised); Rs. 5200-20200 plus Grade Pay Rs. 2800 (Revised) **No. of Post :** 2 (two) |

- **Educational Qualifications, Experience and "Proforma for submitting Application"** along with General Conditions can be referred at the **website www.dbtindia.nic.in**
- Complete applications strictly in the format as in the Proforma, with a passport size photograph affixed in appropriate space should be sent to **Managing Director, Biotech Consortium India Ltd. (BCIL), 5th floor, Anuvarat Bhawan, 210, Deen Dayal Upadhyay Marg, New Delhi-110002** along with the requisite testimonials, by **1st, April 2009.** The applications residing abroad and from Andaman & Nicobar islands, Lakshwadeep islands, States in the North Eastern region, Ladakh region of J & K, Sikkim, sub-division, Chamba and Lahaul and Spiti districts of Himachal Pradesh are eligible for an additional period of seven days for receipt of the application. ●

# એસ.આર.પી.માં પી.એસ.આઈ. (હથિયારી)ની ભરતી

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૩૧-૩-૨૦૦૯**

**ગુજરાત રાજ્યના રાજ્ય અનામત પોલીસ દળમાં સીધી ભરતીથી હથિયારી પો.સ.ઈ.ની તાલીમ દરમ્યાન ફીક્સ પગારે અને ત્યારબાદ નિયમિત પગાર ધોરણ રૂા. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦ થી ભરવા માટેના યોગ્ય ઉમેદવારો પસંદ કરવા માટે આ જાહેરાતમાં બતાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત અરજીપત્રક મગાવવામાં આવે છે. જગાની સંખ્યા વધઘટ થવાને પાત્ર છે.**

| ક્રમ | સંવર્ગનું નામ | બિન અનામત | વિચરતી અને વિમુક્ત જાતિ સહિત સા.શૈ.રીત પછાત વર્ગ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જાતિ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | હથિયારી પો.સ.ઈ. (પુરૂષ) | ૬૫ | ૩૨ | ૮ | ૧૮ | ૧૨૩ |
| ૨ | હથિયારી પો.સ.ઈ. (મહિલા) | ૧૧ | ૫ | ૧ | ૩ | ૨૦ |

**નોંધ :** માજી. સૈનિકો માટે ૧૦% અનામત રહેશે. જે ઈન્ટરલોક્યુટરી અનામત હોઈ, જે તે કેટેગરીના ઉમેદવારો સામે ગણવાની રહેશે.

હથિયારી પો.સ.ઈ. તરીકે નિમાયેલ વ્યક્તિને હથિયારી પો.સ.ઈ. વર્ગ-૩ના સંવર્ગમાં નિયમોનુસાર પગાર ધોરણમાં નિમણૂક મેળવવાને પાત્ર થશે.

❑ **શૈક્ષણિક લાયકાત :**

- ઉમેદવાર ભારતમાંની કેન્દ્ર અથવા રાજ્યના વિધાનમંડળ દ્વારા પસાર કરાયેલ અધિનિયમ હેઠળ ઊભી કરાયેલ યુનિવર્સિટી અથવા સંસદના કોઈ અધિનિયમ હેઠળ સ્થપાયેલ માન્ય શૈક્ષણિક સંસ્થા અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરાયેલ શૈક્ષણિક સંસ્થાની કોઈપણ વિદ્યાશાખાની ડિગ્રી અથવા રાજ્ય સરકાર દ્વારા વખતોવખત માન્ય કરાયેલ તેની (ડિગ્રી) સમકક્ષ કોઈપણ લાયકાત ધરાવતો હોવો જોઈએ.
- ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એક્રેડીટેશન ઓફ કોમ્પ્યુટર કોર્સીસ (DOEACC) સોસાયટી દ્વારા ચલાવવામાં આવતા કોર્સ ઓન કોમ્પ્યુટર કન્સેપ્ટ (CCC)નું પ્રમાણપત્ર ધરાવતા હોવા જોઈએ. અથવા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૧-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : ૫રચ/૧૦૨૦૦૨/૬૭૨ (૧) ગ-૨ થી નક્કી કરેલ સક્ષમ અભ્યાસક્રમનું સરકાર માન્ય યુનિવર્સિટી/પોલીટેકનીક/તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર/ડિગ્રી/ ડિપ્લોમાના અભ્યાસક્રમ કે જેને સી.સી.સી. લેવલ સમકક્ષના અભ્યાસક્રમ તરીકે જાહેર કરેલ છે.તેનું પ્રમાણપત્ર/માર્કશીટ ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ.
- ગુજરાતી અને હિન્દી ભાષાની પૂરતી જાણકારી ધરાવતા હોવા જોઈએ.

❑ **શારીરિક માપ સંબંધી ધોરણ :** ઉમેદવાર ૧૬૫ સે.મી.થી ઓછી ઊંચાઈ ધરાવતો હોવો જોઈએ નહીં. (મૂળ ગુજરાતનો વતની હોય તેવો અનુ. જનજાતિનો ૧૬૦ સે.મી.થી ઓછી ઊંચાઈ ધરાવતો હોવો જોઈએ નહીં.) અને ફુલાવ્યા વગરની છાતી ૭૯ સે.મી.થી ઓછી થવી જોઈએ નહીં તેમજ છાતી ફુલાવવામાં આવે ત્યારે તે ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલવી જોઈએ.

❑ **વયમર્યાદા :**

- ઉમેદવારની વય તા. ૩૧-૩-૨૦૦૯ના રોજ ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ. સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : મહક/૧૦૦૮/૩૪૩૭/સ થી પોલીસ ખાતાના વર્ગ-૩ના સંવર્ગોની સીધી ભરતીના ભરતી નિયમોમાં ત્રણ વર્ષની છૂટછાટ તમામ ઉમેદવારોને મળવાપાત્ર છે. આથી ૩૧ વર્ષની વય ધરાવનાર અરજી કરી શકશે.
- અનુસૂચિત જાતિ/અનુસૂચિતત જનજાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના ઉમેદવારો માટે જ અનામત છે.
- માજી સૈનિક ઉમેદવારોને સને ૧૯૭૫ના ગુજરાત રાજ્ય સેવા (વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ અને સેવાઓમાં માજી. સૈનિકો માટે ખાલી જગ્યાઓ અનામત રાખવા અંગેના) નિયમોના નિયમ-૫ મુજબ ઉપલી વયમર્યાદામાં છૂટ મળવાપાત્ર થશે.
- સામાજિક અને શૈ.પ. વર્ગના ઉમેદવારોએ અનામત જગ્યાનો લાભ લેવા માટે ઉન્નત વર્ગ (ક્રિમીલેયર)માં નહીં આવતા હોવાનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે રજૂ કરવાનું રહેશે.
- **નોંધ :** તમામ કેટેગરીના ઉમેદવારો માટે ઉંમર અને શૈક્ષણિક લાયકાત તા. ૩૧-૩-૨૦૦૯ના રોજની સ્થિતિએ ગણવામાં આવશે.

❑ **શારીરિક લાયકાત :** (પુરૂષ ઉમેદવારો માટે)

- **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૬૫ સે.મી. (મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૧૬૦ સે.મી.) હોવી જોઈએ.
- **છાતી :** ફુલાવ્યા વગર ૭૯ સે.મી. હોવી જોઈએ અને ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલતી હોવી જોઈએ.

❑ **શારીરિક લાયકાત :** (મહિલા ઉમેદવારો માટે)

- **ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૫૨ સે.મી. (મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૧૪૭ સે.મી.) હોવી જોઈએ.
- **વજન :** ૪૫ કિ.ગ્રા.

❑ **સ્પર્ધાત્મક પરીક્ષાના તબક્કા :** સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામીને સીધી ભરતીથી નિમણૂક મેળવવા માંગતા ઉમેદવારો માટે નીચે બતાવેલ બે તબક્કામાં પરીક્ષા યોજવામાં આવશે.

**૧.** સૌપ્રથમ મુખ્ય પરીક્ષાના ઉમેદવારો પસંદ કરવા માટે પ્રાથમિક લેખિત પરીક્ષા (હેતુલક્ષી પ્રશ્નપત્રવાળી) યોજવામાં આવશે.

**૨.** ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષાના આધારે કરવામાં આવશે.

- પ્રાથમિક પરીક્ષા (હેતલુક્ષી પ્રશ્નપત્રવાળી) એક કલાકની રહેશે. અને તેના કુલ ગુણ ૧૦૦ રહેશે. પરીક્ષામાં સામાન્ય જ્ઞાનને લગતા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.
- પ્રાથમિક પરીક્ષાના પરિણામને આધારે મુખ્ય પરીક્ષા માટે ક્વોલીફાય થયેલા ઉમેદવારોએ નીચે બતાવેલ તબક્કામાં મુખ્ય પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

❑ **લેખિત પરીક્ષા :** પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી ભાષાના પ્રશ્નપત્ર એટલે કે પ્રશ્નપત્ર-૩ સિવાય ગુજરાતી રહેશે.

- **પ્રશ્નપત્ર-૧ :** ગુજરાતી ભાષા. સમય : ૨ કલાક કુલ ગુણ : ૧૦૦નું રહેશે. જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે

| | |
|---|---|
| અહેવાલ લેખન | ૨૦ ગુણ |
| પત્ર લેખન | ૨૦ ગુણ |
| સાર લેખન | ૨૦ ગુણ |
| સાર ગ્રહણ (કોમ્પ્રીહેન્શન) | ૨૦ ગુણ |
| મુહાવરા અને તેના અર્થ વગેરે | ૨૦ ગુણ |

- ગુજરાતી ભાષાના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજ્યમાં યોજાતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના જેવું રહેશે.
- **પ્રશ્નપત્ર-૨ :** સામાન્ય જ્ઞાન અને મનોવૈજ્ઞાનિક કસોટી (હેતુલક્ષી પ્રશ્નોવાળું). સમય : ૧ કલાક કુલ ગુણ : ૧૦૦નું રહેશે.
- **પ્રશ્નપત્ર-૩ :** અંગ્રેજી. સમય : ૨ કલાક. કુલ ગુણ : ૧૦૦નું રહેશે. જેનો અભ્યાસક્રમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| નિબંધ લેખન | ૨૫ ગુણ |
| સાર લેખન | ૧૦ ગુણ |
| અહેવાલ લેખન | ૨૫ ગુણ |
| પત્ર લેખન | ૧૦ ગુણ |
| વ્યાકરણ | ૧૦ ગુણ |
| ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ | ૧૦ ગુણ |
| અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ | ૧૦ ગુણ |

- અંગ્રેજીના પ્રશ્નપત્રનું ધોરણ ગુજરાત રાજ્યમાં યોજાતી ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષાના જેવું રહેશે.

❑ **શારીરિક કસોટી :** કુલ ગુણ ૧૦૦ની રહેશે. આ શારીરિક કસોટીમાં પાસ થવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦ ગુણ મેળવવાના રહેશે. શારીરિક કસોટીમાં નીચેનાનો સમાવેશ થાય છે.

| ક્રમ | પુરૂષ ઉમેદવારો માટે: કસોટીના ઈવેન્ટની વિગત અને હાંસલ કરવાનું લઘુત્તમ ધોરણ | મહિલા ઉમેદવારો માટે: કસોટીના ઈવેન્ટની વિગત અને હાંસલ કરવાનું લઘુત્તમ ધોરણ |
|---|---|---|
| ૧. | ૧૦૦ મીટર દોડ ૧૫ સેકન્ડમાં પૂરી કરવાની રહેશે. | ૧૦૦ મીટર દોડ ૧૫ સેકન્ડમાં પૂરી કરવાની રહેશે. |
| ૨. | ઊંચો કૂદકો : ૧.૨૨ મીટર કૂદવાનો રહેશે. | ઊંચો કૂદકો : ૦.૯૯ મીટર કૂદવાનો રહેશે. |
| ૩. | લાંબો કૂદકો : ૪.૨૭ મીટર કૂદવાનો રહેશે. | લાંબો કૂદકો : ૨.૭૮ મીટર કૂદવાનો રહેશે. |
| ૪. | ગોળા ફેંક (૭.૨૫૭ કિ.ગ્રા. અથવા ૧૬) : ૫.૯૦ મીટર ફેંકવાનો રહેશે. | ગોળા ફેંક (૭.૨૫૭ કિ.ગ્રા. અથવા ૧૬) : ૩.૮૧ મીટર ફેંકવાનો રહેશે. |
| ૫. | ૮૦૦ મીટર દોડ ૩ મિનિટ અને ૧૦ સેકન્ડમાં પૂરી કરવાની રહેશે. | ૮૦૦ મીટર દોડ ૪ મિનિટ અને ૫ સેકન્ડમાં પૂરી કરવાની રહેશે. |

- **નોંધ :** શારીરિક લાયકાત કસોટીના ધોરણોમાં ફેરફાર કરવાની બાબત હાલ સરકારની વિચારણા હેઠળ છે. જેમાં ફેરફાર થયેથી ઉમેદવારોને જાણ કરવામાં આવશે.

❑ **ઈન્ટરવ્યૂ :** (રૂબરૂ મુલાકાત) કુલ ગુણ : ૫૦ રહેશે.

- જે ઉમેદવાર નીચે બતાવેલ લાયકાત ધરાવતા હશે તેઓને તે દરેકની સામે બતાવેલ ગુણ વધારાના ગુણ તરીકે આપવામાં આવશે અને તેવા ગુણ તેઓએ મેળવેલ એકંદરે ગુણમાં ઉમેરવામાં આવશે.

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧. | રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી કોમ્પ્યુટરના જ્ઞાનને લગતી કસોટી પાસ કરવા માટે. | ૧૫ |
| ૨. | એન.સી.સી.નું સી-સર્ટિફિકેટ ધરાવતા હોવા જોઈએ. | ૧૫ |
| ૩. | ડ્રાઈવીંગ લાયસન્સ (લાઈટ મોટર વ્હીકલ અને હેવી મોટર વ્હીકલ) ધરાવતા હોવા જોઈએ. | ૧૦ |
| ૪. | (૧) ઉમેદવાર રાજ્ય કક્ષાની રમતો એથ્લેટીક્સમાં ભાગ લીધેલ હોય અને પહેલું, બીજું અથવા ત્રીજું સ્થાન મેળવેલ હોય તો, (૨) ઉમેદવારે ક્રિકેટ, હોકી અથવા કોઈપણ રમતો જેવી કે રણજી ટ્રોફી, કુચ બિહાર ટ્રોફી વગેરેમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરેલ હોય અને રાષ્ટ્ર કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો. | ૧૦ |

- સીધી ભરતી ભરતીથી નિમણૂક પામેલ ઉમેદવારે રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી તાલીમના અંતે લેવાતી પરીક્ષા પાસ કરવાની રહેશે. તેવી જ રીતે નિયમો હેઠળ નક્કી કરાયેલ ખાતાકીય પરીક્ષા પણ પાસ કરવાની રહેશે.
- સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને તેણે સફળતાપૂર્વક પૂરી કરેલ તાલીમના અંતે ૧૮ મહિનાના અંતે અજમાયશી ધોરણે નિમણૂક આપવામાં આવશે.
- સરકારના ગૃહ વિભાગના તા. ૨૯-૩-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક મહક-૧૦૨૦૦૬-૩૦૦૦-સ, ની જોગવાઈ મુજબ હથિયારી પો.સ.ઈ.ના પગાર ધોરણ રૂા. ૫૫૦૦-૧૭૫-૯૦૦૦માં નિયમિત રીતે સમાવવામાં આવશે.

❑ **પરિણામ :** ભરતી બોર્ડ ઉમેદવારોએ પાસ કરેલ ગુણના આધારે મેરીટ ક્રમાનુસાર પસંદગી અને પ્રતિત્રા યાદી પ્રસિદ્ધ કરશે.

❑ **અરજીપત્રક અંગેની સૂચના :** આ સાથેના અરજીપત્રકના નમૂનામાં અરજીઓ મગાવવામાં આવે છે. અરજીપત્રકનો નમૂનો લીગલ સાઈઝ (૮.૫ × ૧૪ ઇંચ)ના કાગળ ઉપર ઝેરોક્ષ કરાવીને ઉમેદવારે પોતાના હસ્તાક્ષરમાં ભરીને અરજી કરવાની રહેશે.

❑ **ભરેલા અરજીપત્રક રજૂ કરવાનું સ્થળ :** ભરેલ અરજી ફોર્મ રૂબરૂમાં અથવા સાદી ટપાલ દ્વારા નીચેના સરનામે નિયત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

**અધિક પોલીસ મહાનિદેશકની કચેરી,**
**હથિયારી એકમો, ૬ઠ્ઠો માળ,**
**પોલીસ ભવન, સેક્ટર-૧૮,**
**ગાંધીનગર.**

❑ **ભરેલ અરજીપત્રક રજૂ કરવાનો સમયગાળો :** તા. ૩૧-૩-૨૦૦૯ સુધીમાં (કચેરીના કામકાજના દિવસોમાં) કલાક ૧૧-૦૦ થી સાંજના ૧૬-૦૦ સુધીમાં અત્રેની કચેરીએ રૂબરૂમાં રજૂ કરવાના રહેશે. ➔

- ➔ ● ટપાલથી મળેલ અરજીપત્રક અત્રેની કચેરીમાં સ્વીકારવામાં આવશે.
- ભરેલ અરજીપત્રક પરત સ્વીકારવાની છેલ્લી **તા. ૩૧-૩-૨૦૦૯** છે. આ તારીખ બાદ કોઈ અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- અરજદારે કોઈપણ એક જ અરજીપત્રક નિયત નમૂનામાં રજૂ કરવાનું રહેશે. અરજદારે એક કરતાં વધારે અરજીપત્રક ભરેલા હશે તો તેવા કિસ્સામાં તે અરજદારના તમામ અરજીપત્રકો રદ કરવાપાત્ર થશે.
- અરજદારે નિયત અરજીપત્રક સાથે અરજીપત્રકના નમૂનામાં જણાવેલ પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલો બીડવાની રહેશે.
- નિયત અરજીપત્રકમાં અરજદારે ચોક્કસ દર્શાવેલ જગ્યાએ પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ગુંદરથી ચોંટાડીને તેના ઉપર અરજદારે પોતાની સહી કરવાની રહેશે.
- નિયત અરજીપત્રકની તમામ કોલમો બોલપેન/ઈન્ડ પેનથી યોગ્ય રીતે અને સુવાચ્ય રીતે ભરીને અરજદારે પોતાની સહી અરજીપત્રકમાં ઠરાવેલ જગ્યાએ કરવાની રહેશે.
- અરજદારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. અને તેના પુરાવાઓ ભરતી બોર્ડ માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે.
- નિયત પરીક્ષા ફી વિનાનું, અધૂરી વિગતોવાળું, ખોટી માહિતી ભરેલું ક્ષતિયુક્ત અને ભરતી બોર્ડ માંગણી કરે ત્યારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતોના અસલ પુરાવાઓ યથાસમયે રજૂ ન કરનાર ઉમેદવારનું અરજીપત્રક જે તે તબક્કે રદ થવાને પાત્ર રહેશે. અને ઉમેદવારી પણ રદ થવાને પાત્ર રહેશે. તેમજ ભરતી બોર્ડ દ્વારા આ ઉમેદવાર સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

❑ **પરીક્ષા ફી :** (પરત નહીં મળવાપાત્ર)

- સામાન્ય વર્ગના અરજદારે અરજીપત્રક સાથે શારીરિક ક્ષમતા કસોટીની ફી પેટે **રૂા. ૪૦૦/-** (અંકે રૂપિયા ચારસો પૂરા) ચૂકવવાના રહેશે. રૂબરૂમાં અરજી આપનારે રોકડેથી અથવા નેશનલાઈઝ બેંકના ડીમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે. ટપાલથી અરજીપત્રક મોકલનારે ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટથી જ ફી ભરવાની રહેશે. અન્ય કોઈ રીતે ફી સ્વીકારવામાં આવશે નહીં.
- ડીમાન્ડ ડ્રાફ્ટ કચેરી **અધિક્ષક, અધિક પોલીસ મહાનિદેશકની કચેરી, હથિયારી એકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**ના નામનો કઢાવવાનો રહેશે.
- શારીરિક ક્ષમતા કસોટી બાદ મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારે ભરતી બોર્ડ ઠરાવે તેટલી ફી મુખ્ય પરીક્ષા અગાઉ ભરતી બોર્ડે નક્કી કરેલ સમયમર્યાદામાં ભરવાની રહેશે.
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેમજ માજી સૈનિક ઉમેદવારોને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ હોઈ, નિયત અરજીપત્રકમાં કરાયેલ અરજી સાથે તેઓએ કોઈ પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

❑ **સામાન્ય સૂચનાઓ :**

- ઉમેદવારોને નિમણૂક માટે સામાન્ય રીતે ગુણાનુક્રમમાં વિચારવામાં આવશે. જોકે, પરીક્ષામાં સફળ થવાથી જ નિમણૂક માટેનો હક્ક મળી જતો નથી. રાજ્ય સેવામાં નિમણૂક માટે ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે એ માટે જરૂરી લાગે તેવી પાસ કર્યા પછી નિમણૂક સત્તાધિકારીને સંતોષ થાય તો જ ઉમેદવારની નિમણૂક કરવામાં આવશે.
- ભરતી બોર્ડ ઉક્ત પરીક્ષા પ્રક્રિયાના ક્રમ કે પદ્ધતિમાં ફેરફાર કરી શકશે.
- ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ માહિતીની ખરાઈ/ચોકસાઈ કર્યા સિવાય પ્રાથમિક તબક્કે ભરતી બોર્ડ દ્વારા નિયત અરજીપત્રકો સ્વીકારવામાં આવશે. આ અરજીપત્રકમાં ઉમેદવારે દર્શાવેલ જન્મ તારીખ/શૈક્ષણિક લાયકાત અને જાતિ કે અન્ય કોઈ વિગત ભવિષ્યમાં કોઈપણ તબક્કે ખોટી હોવાનું માલૂમ પડશે તો તે ઉમેદવાર સામે ભરતી બોર્ડ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.
- આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેમ કરવાનો ભરતી બોર્ડને સંપૂર્ણ હક્ક અને અધિકાર રહેશે. અને ભરતી બોર્ડ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

**અધ્યક્ષ**
**હથિયારી પો.સ.ઈ. ભરતી બોર્ડ,**
**પોલીસ મહાનિદેશક**
**હથિયારી એકમો, ગાંધીનગર.**

## અરજીપત્રક

| | |
|---|---|
| કોમ્પ્યુટરના ઉપયોગ માટે | **રાજ્ય અનામત પોલીસ દળમાં હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (વર્ગ-૩)ની જગ્યા માટેનું અરજીપત્રક (જાહેરખબર ક્રમાંક : /૨૦૦૯)** |

| | |
|---|---|
| પરીક્ષા ફી : રૂા. ૪૦૦ ....................<br>રસીદ નંબર : .............................. તારીખ : .............................<br>પરીક્ષા ફી લેનારની સહી | ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ |

૧. ઉમેદવારનું નામ (અંગ્રેજીમાં બ્લોક લેટરમાં લખવું)

| | |
|---|---|
| અટક | |
| નામ | |
| પિતા/પતિનું નામ | |

૨. કાયમી સરનામું (નામ સિવાય લખવું અને સરનામું અંગ્રેજીમાં બ્લોક લેટરમાં લખવું)

| | |
|---|---|
| | |
| | |
| | |

| | |
|---|---|
| પિનકોડ નંબર | |

૩. કેટેગરી લાગુ પડતામાં (✓)થી બતાવવું.

| | | | |
|---|---|---|---|
| (૧) સામાન્ય | ( ) | (૪) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ | ( ) |
| (૨) અનુ. જાતિ | ( ) | (૫) માજી સૈનિક | ( ) |
| (૩) અનુ. જનજાતિ | ( ) | (૬) રાજ્ય પોલીસમાં કોન્સ્ટેબલ/હેડકોન્સ્ટેબલ/આસિ. સબ ઈન્સ્પે. | ( ) |

૪. ઉમેદવાર પુરૂષ કે મહિલા ? ( લાગુ પડતા (✓)માં કરવું) પુરૂષ ( ) મહિલા ( )

૫.

| જન્મ તારીખ | D | D | M | M | Y | Y | Y | Y |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

૬. તારીખ ૩૧-૩-૨૦૦૯ના રોજની ઉંમર ...................... દિવસ ...................... માસ ...................... વર્ષ

૭. શૈક્ષણિક લાયકાત

| ક્રમ | શૈક્ષણિક લાયકાત | બોર્ડ/યુનિ.નું નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલ વર્ગ/ગુણ |
|---|---|---|---|---|
| ૧ | ડિગ્રી .................................................. | | | |
| ૨ | કોમ્પ્યુટર જાણકારી સંબંધી કોર્ષનું નામ ....... | | | |

૮. શારીરિક માપ :

(પુરૂષ ઉમેદવારે નીચેની માહિતી આપવી)

ઊંચાઈ ..................... સે.મી.

છાતી (૧) ફુલાવ્યા વગર ....................... સે.મી.

(૨) ફુલાવેલ .............................. સે.મી.

(ઓછામાં ઓછી ૫ (પાંચ) સે.મી. ફુલતી હોવી જોઈએ.)

(મહિલા ઉમેદવારે નીચેની માહિતી આપવી)

ઊંચાઈ ............................ સે.મી.

વજન ............................ કિ.ગ્રા.

**સોગંદનામું**

હું આથી એકરાર કરૂં છું કે, ઉપર જણાવેલ બધી વિગતો સાચી છે. વધુમાં, જો કોઈ માહિતી ખોટી જણાય તો મંડળ દ્વારા જે પગલાં લેવાશે તે મને મંજૂર અને બંધનકર્તા રહેશે.

સ્થળ :

તા. / /૦૯ (અરજદારની સહી)

**નોંધ :** (૧) જાતિ અંગેના પ્રમાણપત્ર. શા. અને શૈ. પ. વર્ગના ઉમેદવારે ઉન્નતવર્ગમાં સમાવેશ નહીં થતો હોવા અંગેની સક્ષમ સત્તાધિકારીના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડવી. (૨) માજી સૈનિક ઉમેદવારે માજી સૈનિક હોવાના પુરાવાની ઝેરોક્ષ નકલ બીડવી અને (૩) તમામ કેટેગરીના ઉમેદવારોએ પોતાના નામ અને સરનામાવાળા ૨૭×૧૨ સે.મી.ની સાઈઝનું રૂા. ૧૦/-ની ટપાલ ટિકિટ લગાડેલ પરબીડિયું બીડવું. ●


# ENGINEERS INDIA LIMITED

**1, Bhikhaiji Cama Place, New Delhi-110066**

**Special Recruitment Drive (2008-09)**
**For Persons with Disabilities**

**Engineers India Limited is looking for professionals in various disciplines as per the following :**

| Designation | Blindness or Low Vision | Hearing Impairment | Locomotor Disability or Cerebral Palsy | Minimum post qualification relevant experience (in years) | Upper Age limit (in years) |
|---|---|---|---|---|---|
| Engineer/Sr. Engineer/ Dy. Manager | 10 | 12 | 8 | 1/4/ 8 | 35/40 45 |
| Asst. Finance & Accounts Officer | 1 | - | - | nil | 32 |

For online application & other details visit EIL website : **http://www.engineersindia.com** Only online submission of application will be permitted on the website till 2400 hours on **21-03-2009.** The cut off date for post qualification relevant experience and upper age limit is **01-02-2009.** ●

# ભારતમાં ઉપગ્રહો છોડવાનું મથક ક્યાં આવેલું છે ?

**(૧) ભારતની 'તોફાની નદી' કઈ છે ?**
(૧) ગંગા (૨) યમુના
(૩) રાવી (૪) બ્રહ્મપુત્રા

**(૨) સિંધુ નદી ભારતના કયા રાજ્યમાંથી વહે છે ?**
(૧) જમ્મુ-કાશ્મીર (૨) અસમ
(૩) પંજાબ (૪) ઉત્તરપ્રદેશ

**(૩) વિશ્વમાં સૌથી વધારે પશુધન કયા દેશમાં છે ?**
(૧) ભારત (૨) બ્રિટન
(૩) ફ્રાન્સ (૪) ડેન્માર્ક

**(૪) ભારતમાં કુલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ કેટલા છે ?**
(૧) ૬૦ (૨) ૫૦
(૩) ૭૦ (૪) ૪૦

**(૫) ભારતનો સૌથી લાંબો ધોરીમાર્ગ કયો છે ?**
(૧) NH-૩૦ (૨) NH-૪૦
(૩) NH-૨૦ (૪) NH-૭

**(૬) ભારતનો સૌથી ટૂંકો ધોરીમાર્ગ કયો છે?**
(૧) NH-૩૦ (૨) NH-૩૫
(૩) NH-૨૫ (૪) NH-૪૦

**(૭) ભારતમાં ઉપગ્રહો છોડવાનું મથક ક્યાં આવેલું છે ?**
(૧) હરિકોટા (૨) થુમ્બા
(૩) ત્રિવેન્દ્રમ (૪) બેંગ્લોર

**(૮) રોકેટ છોડવાનું મથક ક્યાં આવેલું છે?**
(૧) હરિકોટા (૨) થુમ્બા
(૩) ત્રિવેન્દ્રમ (૪) મુંબઈ

**(૯) વિસ્તારની દૃષ્ટિએ ભારતનો સૌથી મોટો જિલ્લો કયો ?**
(૧) કચ્છ (૨) જેસલમેર
(૩) અયોધ્યા (૪) લડાખ

**(૧૦) ભારતનું વધુ મંદિરોવાળું શહેર કયું છે?**
(૧) શિહોર (૨) અમૃતસર
(૩) પાલિતાણા (૪) જયપુર

**(૧૧) ભારતના બંધારણમાં કેટલી કલમો છે?**
(૧) ૩૧૦ (૨) ૪૦૦
(૩) ૪૧૦ (૪) ૪૨૦

**(૧૨) ભારતના બંધારણનું આમુખ કોણે તૈયાર કર્યું છે ?**
(૧) મહાત્મા ગાંધી
(૨) કનૈયાલાલ મુનશી
(૩) ડૉ. આંબેડકર
(૪) જવાહરલાલ નહેરુ

**(૧૩) રાષ્ટ્રપતિ કટોકટી કઈ કલમ નીચે જાહેર કરી શકે ?**
(૧) કલમ ૩૫૨ (૨) કલમ ૩૬૦
(૩) કલમ ૩૫૬ (૪) કલમ ૩૫૮

**(૧૪) નાણાકીય કટોકટી કઈ કલમ નીચે દાખલ કરાય છે ?**
(૧) કલમ ૩૬૬ (૨) કલમ ૩૫૨
(૩) કલમ ૩૬૦ (૪) એકેય નહિ

**(૧૫) ભારતીય સંસદમાં કુલ કેટલી બેઠકો છે?**
(૧) ૫૫૪ (૨) ૫૫૨
(૩) ૫૪૫ (૪) ૫૪૦

**(૧૬) ગાયત્રી મંત્ર કયા દેવની ઉપાસના છે?**
(૧) સરસ્વતી (૨) સૂર્ય
(૩) ચંદ્રમા (૪) બ્રહ્મા

**(૧૭) આપણાં પુરાણો કેટલા છે ?**
(૧) ૨૦ (૨) ૧૮
(૩) ૨૧ (૪) ૨૪

**(૧૮) ભારતમાં કયા ધર્મમાં ઉપવાસને સર્વોચ્ચ મહત્ત્વ આપવામાં આવે છે ?**
(૧) વૈદિક ધર્મ (૨) બૌદ્ધ ધર્મ
(૩) શૈવ ધર્મ (૪) જૈન ધર્મ

**(૧૯) સૌથી જૂનું પુરાણ કયું છે ?**
(૧) માર્કંડપુરાણ (૨) શિવપુરાણ
(૩) વિષ્ણુપુરાણ (૪) બ્રહ્મપુરાણ

**(૨૦) પુરાણોના રચયિતા કોણ છે ?**
(૧) વાલ્મીકિ (૨) વેદવ્યાસ
(૩) પરાશર (૪) યાજ્ઞવલ્ક્ય

**(૨૧) ભારતીય રિઝર્વ બેંકનું વડુ મથક ક્યાં આવેલું છે ?**
(૧) ચેન્નાઈ (૨) બેંગ્લોર
(૩) કોલકતા (૪) મુંબઈ

## નોલેજ ગાઈડ

- હેમલ કે. પટેલ

**(૨૨) ભારતમાં ચલણી સિક્કાઓ કોણ બહાર પાડે છે ?**
(૧) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
(૨) રિઝર્વ બેંક
(૩) ભારત સરકાર
(૪) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા

**(૨૩) ભારતમાં વસ્તી વધારાનું મુખ્ય કારણ કયું છે ?**
(૧) જન્મદરમાં વધારો
(૨) મૃત્યુદરમાં ઘટાડો
(૩) જન્મદરમાં ઘટાડો
(૪) મૃત્યુદરમાં વધારો

**(૨૪) ભારત એક ........ અર્થતંત્ર ધરાવતો દેશ છે.**
(૧) સામ્યવાદી (૨) સમાજવાદી
(૩) મૂડીવાદી (૪) મિશ્ર

**(૨૫) રિઝર્વ બેંકના નોટ છાપવાના વિભાગ પાસે ઓછામાં ઓછું કેટલા કરોડ રૂપિયાનું સોનું ફંડમાં જમા રહેવું જોઈએ?**
(૧) ૮૫ કરોડ (૨) ૨૦૦ કરોડ
(૩) ૧૧૫ કરોડ (૪) ૫૦૦ કરોડ

**(૨૬) ક્રિકેટની પ્રથમ ટેસ્ટ મેચ કઈ સાલમાં યોજાઈ હતી ?**
(૧) ૧૮૭૦ (૨) ૧૮૮૦
(૩) ૧૮૭૭ (૪) ૧૮૯૦

**(૨૭) વિશ્વમાં સૌથી વધારે મેઈડન ઓવર ફેંકવાનો વિશ્વવિક્રમ કયા ખેલાડીના નામે છે ?**
(૧) અંડરવુડ (૨) બાપુ નાડકર્ણી
(૩) બોબ વિલિસ (૪) જ્હોન લિવર

**(૨૮) વર્લ્ડ કપમાં ચેતન શર્માએ લીધેલ હેટ્રિકની શું વિશેષતા હતી ?**
(૧) ત્રણેય ખેલાડીને ક્લીન બોલ્ડ કર્યા
(૨) ત્રણેય ખેલાડીને કેચઆઉટ કર્યા
(૩) ત્રણેય ખેલાડીને LBW કર્યા
(૪) આમાંનું એક પણ નહિ

**(૨૯) ગવાસ્કરે તેની ટેસ્ટ કારકિર્દીમાં એકમાત્ર વિકેટ કોની લીધી હતી ?**
(૧) ટોની ગ્રેગ (૨) ઝહીર અબ્બાસ
(૩) કાલીચરણ (૪) ગ્રેગ ચેપલ

**(૩૦) કપિલદેવે પ્રથમ ટેસ્ટ વિકેટ કયા ખેલાડીની લીધી હતી ?**
(૧) જોએલ ગાર્નર
(૨) માઈક બ્રિયર્લી
(૩) ઈઆન બોથમ
(૪) સાદીક મોહમદ

**(૩૧) વિશ્વની પ્રથમ ઓપન યુનિવર્સિટી કયા દેશમાં સ્થપાઈ હતી ?**
(૧) અમેરિકા (૨) જર્મની
(૩) બ્રિટન (૪) ભારત

**(૩૨) ગાંધીજીના અંગત સચિવ કોણ હતા ?**
(૧) રામદાસ ગાંધી
(૨) મહાદેવભાઈ દેસાઈ
(૩) સરદાર પટેલ
(૪) મોરારજી દેસાઈ

**(૩૩) ભારતનું પ્રથમ સમાચારપત્ર કયું હતું?**
(૧) મુંબઈ સમાચાર
(૨) હિન્દુ સમાચાર
(૩) હિન્દુસ્તાન ટાઈમ્સ
(૪) બંગાળ ગેઝેટ

**(૩૪) સૌથી ભારે ધાતુ કઈ છે ?**
(૧) ઈરિડિયમ (૨) સોનું
(૩) પારો (૪) ચાંદી

**(૩૫) નીચેનામાંથી સૌથી હલકી ધાતુ કઈ છે?**
(૧) પ્લેટોનિયમ (૨) યુરેનિયમ
(૩) લિથિયમ (૪) પારો

**(૩૬) વૈષ્ણવ સંપ્રદાયના સંસ્થાપક કોણ હતા?**
(૧) વલ્લભાચાર્ય
(૨) મહાપ્રભુ ચૈતન્ય
(૩) રામાનુજાચાર્ય
(૪) આમાંનું એકપણ નહિ

**(૩૭) સમ્રાટ અશોકના ગુરૂ કોણ હતા ?**
(૧) કનિષ્ક (૨) ચંદ્રગુપ્ત મૌર્ય
(૩) સ્કંદગુપ્ત (૪) ઉપગુપ્ત

**(૩૮) સરવાળાની તટસ્થ સંખ્યા કઈ છે ?**
(૧) ૦ (૨) ૧
(૩) - ૧ (૪) - ૨

**(૩૯) 'ગરુડ' કયા દેશનું રાષ્ટ્રચિન્હ છે ?**
(૧) ભારત (૨) યુ.એસ.
(૩) યુ. કે. (૪) સ્પેન

**(૪૦) સોનાનો રૂપિયો કયા દેશનું રાષ્ટ્ર ચિન્હ છે ?**
(૧) ભારત (૨) ફ્રાન્સ
(૩) યુ.એસ.એ. (૪) યુ.કે.

**(૪૧) સૌથી વધુ બેટવાળો દેશ કયો છે ?**
(૧) ચીન (૨) ઈન્ડોનેશિયા
(૩) મલેશિયા (૪) જાપાન

**(૪૨) ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂ ત્રણેય શહીદ વીરોની સમાધિ ક્યાં આવેલી છે ?**
(૧) દિલ્હીમાં (૨) અમૃતસરમાં
(૩) લાહોરમાં (૪) હુસેનવાલામાં

**(૪૩) ભારતમાં બંધારણનો રખેવાળ કોણ ગણાય છે ?**
(૧) સુપ્રિમ કોર્ટ (૨) રાષ્ટ્રપતિ
(૩) સંસદ (૪) વડાપ્રધાન

**(૪૪) અવાજની ગતિ સૌથી વધુ નીચેના પૈકી શામાં હોય છે ?**
(૧) હવામાં (૨) પાણીમાં
(૩) લોખંડમાં (૪) શૂન્યાવકાશમાં

**(૪૫) ભારતમાં સર્વપ્રથમ કયા બે સ્ટેશનોને જોડતો રેલ માર્ગ શરૂ થયો ?**
(૧) મુંબઈ-થાણે (૨) મુંબઈ-વિરાર
(૩) દિલ્હી-આગ્રા (૪) મુંબઈ-પુના

**(૪૬) ઓટોમોબાઈલ્સના ધુમાડાથી જે પ્રદૂષણ ફેલાય છે તે કઈ ધાતુના કારણે ફેલાય છે ?**
(૧) કેડમિયમ (૨) ક્રોમિયમ
(૩) સીસું (૪) તાંબુ

**(૪૭) યુ.એન.નું ચિન્હ કયું છે ?**
(૧) લાલ ગુલાબ
(૨) પીળી વાંસળી
(૩) કબૂતર
(૪) ઓલિવની ડાળીઓ

**(૪૮) 'એ ટેઈલ ઓફ ટુ સિટીઝ'ના લેખક કોણ છે ?**
(૧) એફ. બેકન
(૨) ચાર્લ્સ ડિકન્સ
(૩) જી. બી. શૉ
(૪) વિલિયમ શેક્સપિયર

**(૪૯) નીચેનામાંથી કયો દેશ સાર્ક સંગઠનનો સભ્ય નથી ?**
(૧) બાંગ્લાદેશ (૨) પાકિસ્તાન
(૩) શ્રીલંકા (૪) મ્યાનમાર

**(૫૦) અંકારા કયા દેશનું પાટનગર છે ?**
(૧) ઈરાનનું (૨) લેબેનોનનું
(૩) ઘાનાનું (૪) તુર્કીનું

**(૫૧) લીરા કયા દેશનું ચલણી નાણું છે ?**
(૧) ઈટાલી (૨) તુર્કી
(૩) નેધરલેન્ડ (૪) ઈરાક

**(૫૨) ત્રિકોમાલી બંદર કયા દેશમાં આવેલું છે?**
(૧) બાંગ્લાદેશ (૨) પાકિસ્તાન
(૩) શ્રીલંકા (૪) મ્યાનમાર

**(૫૩) સારિસ્કા વાઘ અભ્યારણ્ય કયા રાજ્યમાં આવેલ છે ?**
(૧) રાજસ્થાન (૨) કર્ણાટક
(૩) મધ્ય પ્રદેશ (૪) ઉત્તર પ્રદેશ

**(૫૪) 'પારા'ની સંજ્ઞા શું છે ?**
(૧) Cu (૨) Hg
(૩) Ag (૪) Fe

**(૫૫) મનોરંજન વેરો કોણ ઉઘરાવે છે ?**
(૧) કેન્દ્ર સરકાર
(૨) રાજ્ય સરકાર
(૩) ગ્રામ પંચાયત
(૪) આમાંથી એક પણ નહિ

### જવાબ

(૧) બ્રહ્મપુત્રા (૨) જમ્મુ-કાશ્મીર (૩) ભારત (૪) ૫૦ (૫) NH-૭ (૬) NH-૩૫ (૭) હરિકોટા (૮) થુમ્બા (૯) લડાખ (૧૦) પાલિતાણા (૧૧) ૪૧૦ (૧૨) જવાહરલાલ નહેરુ (૧૩) કલમ ૩૬૦ (૧૪) કલમ ૩૬૦ (૧૫) ૫૪૫ (૧૬) સૂર્ય (૧૭) ૧૮ (૧૮) જૈન ધર્મ (૧૯) વિષ્ણુપુરાણ (૨૦) વેદવ્યાસ (૨૧) મુંબઈ (૨૨) ભારત સરકાર (૨૩) મૃત્યુદરમાં ઘટાડો (૨૪) મિશ્ર (૨૫) ૧૧૫ કરોડ (૨૬) ૧૮૭૭ (૨૭) બાપુ નાડકર્ણી (૨૮) ત્રણેય ખેલાડીને ક્લીન બોલ્ડ કર્યા (૨૯) કાલીચરણ (૩૦) સાદીક મોહમદ (૩૧) બ્રિટન (૩૨) મહાદેવભાઈ દેસાઈ (૩૩) બંગાળ ગેઝેટ (૩૪) ઈરિડિયમ (૩૫) લિથિયમ (૩૬) મહાપ્રભુ ચૈતન્ય (૩૭) ચંદ્રગુપ્ત મૌર્ય (૩૮) ૧ (૩૯) સ્પેન (૪૦) યુ.કે. (૪૧) ચીન (૪૨) હુસેનવાલામાં (૪૩) સુપ્રિમ કોર્ટ (૪૪) હવામાં (૪૫) મુંબઈ-થાણે (૪૬) સીસું (૪૭) ઓલિવની ડાળીઓ (૪૮) ચાર્લ્સ ડિકન્સ (૪૯) મ્યાનમાર (૫૦) તુર્કીનું (૫૧) ઈટાલી (૫૨) શ્રીલંકા (૫૩) રાજસ્થાન (૫૪) Hg (૫૫) રાજ્ય સરકાર ●

# ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા : પૂણે

## પ્રવેશ સૂચના (૨૦૦૯)

ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, પૂણેમાં નીચે દર્શાવેલ કોર્સમાં પ્રવેશ અરજીઓ મગાવવામાં આવે છે.

### ફિલ્મ અને ટેલિવિઝનના કોર્સિસ

| ક્રમ | કોર્સ | સમયગાળો/શિર્ષક | લાયકાત | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ડિરેક્શન | ત્રણ વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી | ૧૨ |
| ૨. | સિનેમેટોગ્રાફી | ત્રણ વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી | ૧૨ |
| ૩. | સાઉન્ડ રેકોર્ડિંગ અને સાઉન્ડ ડિઝાઈન | ત્રણ વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી ફિઝિક્સ વિષય સાથે સિનિયર સેકન્ડરી (૧૦+૨) લેવલ | ૧૨ |
| ૪. | એડિટીંગ | ત્રણ વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી | ૧૨ |
| ૫. | એક્ટીંગ | બે વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી | ૨૩ |
| ૬. | આર્ટ ડિરેક્શન અને પ્રોડક્શન ડિઝાઈન | બે વર્ષ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા | બેચલર્સ ડિગ્રી આર્કિટેક્ચર/પેઈન્ટીંગ/ એપ્લાઈડ આર્ટસ/સ્કલ્પચર/ઈન્ટીરીયર ડિઝાઈન અથવા ફાઈન આર્ટસને સંબંધિત ક્ષેત્રમાં કે તેને સમાન ડિપ્લોમા | ૧૨ |
| ૭. | એનીમેશન અને કોમ્પ્યુટર ગ્રાફિક્સ | દોઢ વર્ષનો સર્ટિફિકેટ કોર્સ | સિનિયર સેકન્ડરી (૧૦+૨) ફાઈન આર્ટસ કોલેજમાંથી ડિપ્લોમા પૂર્ણ કરેલ વિદ્યાર્થીને અગ્રિમતા આપવામાં આવશે | ૧૨ |
| ૮. | ફિચર ફિલ્મ સ્ક્રીનપ્લે રાઈટીંગ | એક વર્ષનો ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ | બેચલર્સ ડિગ્રી | ૧૨ |

### ટેલિવિઝનના કોર્સિસ

| ક્રમ | કોર્સ | સમયગાળો/શિર્ષક | લાયકાત | બેઠકની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧. | ડિરેક્શન | એક વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ | બેચલર્સ ડિગ્રી | ૧૧ |
| ૨. | ઈલેક્ટ્રોનિક સિનેમેટોગ્રાફી | એક વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ | બેચલર્સ ડિગ્રી | ૧૧ |
| ૩. | વિડીયો એડિટીંગ | એક વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ | બેચલર્સ ડિગ્રી | ૧૧ |
| ૪. | સાઉન્ડ રેકોર્ડિંગ અને ટીવી એન્જિનિયરીંગ | એક વર્ષનો પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સ | બેચલર્સ ડિગ્રી ફિઝિક્સ વિષય સાથે સિનિયર સેકન્ડરી (૧૦+૨) લેવલ | ૧૧ |

- નિશ્ચિત બેઠકોની સંખ્યા એસસી/એસટી/ઓબીસી તથા વિકલાંગ વિદ્યાર્થીઓ માટે અનમાત રાખવામાં આવશે.
- બે બેઠકો એનઆરઆઈ/વિદેશી વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત પ્રત્યેક કોર્સમાં અનામત રાખવામાં આવશે.
- એક બેઠક પ્રત્યેક ૩ વર્ષના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ માટે અને ફિચર ફિલ્મ સ્ક્રીનપ્લે રાઈટીંગ અને એનીમેશન્સ એન્ડ કોમ્પ્યુટર ગ્રાફિક્સના પોસ્ટ ગ્રેજ્યુએટ સર્ટિફિકેટ કોર્સિસ માટે, સ્પોન્સર્ડ સ્કોલરશીપ પર ઈંન્ડિયન કાઉન્સિલ દ્વારા કલ્ચર રિલેશન્સ (આઈસીસીઆર) માટે સ્પોન્સર થયેલ હોય તો તેમના માટે અનામત રાખવામાં આવશે.

❑ **પ્રવેશ પરીક્ષા :**

- પ્રવેશ પરીક્ષા પ્રત્યેક કોર્સિસ માટે તા. ૩-૫-૨૦૦૯ (રવિવાર) (લોકસભાની ચૂંટણીની તારીખો એક જ દિવસે હોય તો તારીખ બદલાઈ શકે છે) ના રોજ નીચેના સેન્ટર ઉપર આયોજિત કરાશે. અગરતલા, અમદાવાદ, અલ્હાબાદ, બેંગ્લોર, ભોપાલ, ભુવનેશ્વર, ચેન્નાઈ, ચંડીગઢ, ગુવાહાટી, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ, નવી દિલ્હી, પટણા, પૂણે, તિરૂવનંતપુરમ, રાંચી અને રાયપુર.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

- આવેદન તથા અન્ય માહિતી ધરાવતા પ્રોસ્પેક્ટ્સ જનરલ કેટેગરી માટે રૂા. ૧૬૧૦/- અને એસસી/એસટી માટે રૂા. ૧૨૬૦/- કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફ્ટ સ્વરૂપે અને 'એકાઉન્ટસ ઓફિસર, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ'ના નામે અને પૂણે ખાતે ચૂકવાય હોય તે પ્રસ્તુત કરવાથી મેળવી શકાશે. પ્રોસ્પેક્ટ્સ ઈન્ફોર્મેશન એન્ડ ફેસીલીટેશન કાઉન્ટર, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતેથી રૂબરૂમાં મેળવી શકાશે. વેબસાઈટમાં દર્શાવેલ દિશાનિર્દેશ મુજબ ઉમેદવાર ઓનલાઈન અરજી પણ કરી શકે છે.
- **ભરેલા અરજી ફોર્મ સ્વીકારવાની છેલ્લા તારીખ ૩-૪-૨૦૦૯ છે.**

❑ **પ્રોસ્પેક્ટ્સ મેળવવા અને અરજી મોકલવાનું સરનામું :**

**કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન્સ, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, લૉ કોલેજ રોડ, પૂણે-૪૧૧૦૦૪.**

❑ **પ્રવેશ સંબંધી પૂછપરછ માટે :**

- ફોન : ૦૨૦-૨૫૪૩૧૮૧૭/૨૫૪૩૦૦૧૭/૨૫૪૩૦૩૬૩ એક્સ : ૨૨૩, ૦૨૦-૨૫૪૨૫૬૫૬ (ડાયરેક્ટ લાઈન)

**E-mail : tutorial_sec@ftiindia.com**

**Website : www.ftiindia.com**

- વિદેશી વિદ્યાર્થીઓ/એનઆરઆઈ ઈન્ડિયન મિશન એબ્રોડ અથવા વેબસાઈટની મુલાકાત દ્વારા માહિતી મેળવી શકે છે. ●

*(અનુસંધાન પાન નં. ૮ ઉપરનું ચાલુ)*

**સોગંદનામું**

હું આ સાથે જાહેર કરૂં છું કે મારી શ્રેષ્ઠતમ જાણકારી અને માન્યતા મુજબ આ અરજીમાં કરાયેલા નિવેદનો સાચા અને સંપૂર્ણ ખરા છે. કસોટી/ઈન્ટરવ્યૂ પહેલા અથવા પછી કોઈપણ માહિતી ખોટી, અયોગ્ય અથવા ગેરલાયક જણાઈ આવે તો મારી ઉમેદવારી રદ થશે અને નિમણૂક માટેના મારા બધા દાવા જતાં થશે. હું એ પણ જાણું છું કે કોઈપણ તબક્કે લેખિત પરીક્ષા/કસોટીમાં અયોગ્ય પદ્ધતિ અપનાવની હોવાનું અથવા પસંદગી પ્રક્રિયાનાને લગતાં નિયમો/નિયમોનો ભંગ કરાયાનું સિલેકશન બોર્ડને જણાઈ આવે તો સિલેકશન બોર્ડ તેની મનસૂફી મુજબ મારી ઉમેદવારી રદ કરી શકશે અથવા નાપાસ જાહેર કરી શકશે.

સ્થળ :

તારીખ : **ઉમેદવારની સહી**

**પરિશિષ્ટ-૨**

**સરહદ સલામતી દળમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી)ની જગા માટે પસંદગી**

**પ્રવેશ કાર્ડ**

**(કચેરી દ્વારા ભરવાનું)**

રોલ નં. ________

રાજ્ય ________

અહીં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડો. આશરે (૩.૫ × ૪.૫ સે.મી.)તેને ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવવો.

૧. ઉમેદવારનું નામ ________

૨. પિતાનું નામ ________

૩. જન્મતારીખ ________

૪. ટપાલ સરનામું ________

૫. જનરલ/એસસી/એસટીઓબીસીમાં સમાવેશ થાય છે ________

**ઉમેદવારની સહી**

**કચેરી/આરએએસ દ્વારા ભરવાનું**

૧. નિમણૂક/કસોટી/ઈન્ટરવ્યૂનું સ્થળ ________

૨. હાજર થવા તારીખ-સમય ________

૩. સામાન્ય માહિતી ________ : નકલ બીડેલ છે.

ઈસ્યુ કર્યું ________

**બીએસએફની રિક્રૂટમેન્ટ એજન્સીની ઓફિસિયલ મહોર અને સહી તેમજ હોદો**

**એનેક્ષર-૧**

સરકારી નોકરીમાં રહેલા ઉમેદવારોએ તેમની અરજી યોગ્યસત્તાધિકારી મારફતે નીચેના પ્રમાણપત્ર સાથે મોકલવી. જેમાં અધિકારીની સહી સિક્કા, પસંદગી થયે તેમને છૂટા કરવા વગેરે બીએસએફમાં કોન્સ્ટેબલ (જીડી)ની જગા માટે જણાવેલ હોય.

**નો ઓબ્જેકશન પ્રમાણપત્ર**

(એ) પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી .................... કાયમી/ હંગામી હોદો કેન્દ્ર/રાજ્ય સરકારમાં ધરાવે છે.

(બી) પ્રમાણિત કરવામાં આવે છે કે તેમણે તેમની અરજી આ વિભાગમાં આ તારીખ .................... આપી હતી.

(સી) પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી .................... ને બોર્ડર સિક્યુરીટી ફોર્સમાં કોન્સ્ટેબલ (જીડી)ની જગા પર પસંદ કરાશે તો સેવાયુક્ત કરાશે.

**કચેરીના વડાની સહી**

**અધિકૃત મહોર** ●

**● જાહેર નોંધ ●**

ગુજરાત રોજગાર સમાચારમાં પ્રસિદ્ધ થતી વિવિધ જાહેર ખબરો માત્ર નિર્દેશ અને જાણકારી માટે હોય છે. તેથી જે તે જાહેર ખબર અન્વયે અરજી કરતા પૂર્વે એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં અથવા સબંધિત વેબસાઈટ પર આપવામાં આવેલ અસલ જાહેર ખબર જોઈ જવા વિનંતી છે. જાહેરાતના અર્થઘટન, મુદ્રણ દોષ માટે ગુજરાત રોજગાર સમાચારની કાયદેસર કે નૈતિક રીતે કોઇ જવાબદારી થતી નથી.

- તંત્રી

# બીએસએફમાં કોન્સ્ટેબલ (જીડી) ની ભરતી

**બોર્ડર સિક્યૂરિટી ફોર્સમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી)ની જગા ભરવા માટે ભારતીય પુરૂષ નાગરિકો પાસેથી અરજીઓ મગાવવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૪-૪-૨૦૦૯**

**જગાની સંખ્યા : ગુજરાત માટે - ૩૮૮**
**રાજસ્થાન માટે - ૫૫૧**

❑ જગાનું નામ : કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી)

❑ **પગારધોરણ :** રૂા. ૫૨૦૦-૨૦૨૦૦ + ગ્રેડ પગાર રૂા. ૨૦૦૦ કેન્દ્ર સરકારના કર્મચારીને સમયાંતરે મળવાપાત્ર નિયમિત ભથ્થાં. વધારામાં રેશનભથ્થું, મેડિકલ સહાય, મફત ગણવેશ, મફત રહેઠાણ, મફત રજા પાસ વગેરે મળવાપાત્ર છે.

➢ પસંદ થયેલ તમામ કોન્સ્ટેબલ (જીડી)ની જગા માટેના ઉમેદવારોને નવી કન્ટ્રીબ્યુટરી પેન્શન સ્કીમનો લાભ મળશે, જે સેન્ટ્રલ સિવિલ સર્વિસ (પેન્શન) તરીકે ઓળખાય છે અને જે કેન્દ્ર સરકારના તમામ કર્મચારીઓને લાગુ પડે છે.

❑ જગાની સંખ્યા :

| ક્રમ | આર.એ.નું નામ | ભરતી ક્ષેત્ર | જગાઓની સંખ્યા | | | | | ડી.ડી./આઈ.પી.ઓ. જેની તરફેણમાં લખવાનો છે તે ઓથોરીટી | નીચે દર્શાવેલ સરનામે અરજીપત્રક મોકલવાનું રહેશે | અરજી પ્રાપ્તિની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | જીસી | એસસી | એસટી | ઓબીસી | કુલ | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧. | ભૂજ-એફટીઆર | **ગુજરાત રાજ્ય** | ૧૯૮ | ૨૭ | ૫૮ | ૧૦૫ | ૩૮૮ | આઈજી, બીએસએફ ગુજરાત,એસબીઆઈ જીસી સીઆરપીએફ ગાંધીનગર કોડનં. ૬૮૨૫ | ઈન્સ્પેક્ટર જનરલ ફ્રન્ટીયર એચ.ક્યુ. બીએસએફ, ગુજરાત પો. જીસીસી/ આરપીએફ, ચિલોડા રોડ, ગાંધીનગર-૩૮૨૦૪૨ | ૪-૪-૦૯ |
| | | રાજસ્થાન : ૦૬ જિલ્લા (બાંસવાડા, ડુંગરપુર, ઝાલોર, સિરોહી, પાલી તથા બાડમેર) | ૫૯ | ૨૧ | ૧૫ | ૨૩ | ૧૧૮ | ઉપર મુજબ | ઉપર મુજબ | ૪-૪-૦૯ |
| ૨. | રાજ. એફટીઆર | રાજસ્થાન રાજ્ય (ઉપર દર્શાવેલ છ જિલ્લા સિવાયના જિલ્લાઓ માટે) | ૨૧૭ | ૭૩ | ૫૬ | ૮૭ | ૪૩૩ | આઈજી બીએસએફ રાજસ્થાન, એસબીઆઈ જોધપુર, કોડ નં. ૦૬૫૯ | ઈન્સ્પેક્ટર જનરલ ફ્રન્ટીયર, એચક્યુ બીએસએફ મંડોર રોડ, જોધપુર, (રાજસ્થાન) પીન કોડ-૩૪૨૦૨૬ | ૪-૪-૦૯ |

➢ કુલ જગામાં ૧૦ ટકા જગાઓ એક્સ સર્વિસમેન ઉમેદવારો માટે અનામત છે. એક્સ સર્વિસમેન ઉમેદવાર નહીં મળે તો અન્ય ઉમેદવારોથી જગા ભરાશે.

❑ **યોગ્યતા :**

➢ **વય :** તા. ૧-૮-૨૦૦૯ના રોજ ૧૮ થી ૨૩ વર્ષ વચ્ચે. અ.પ.વ. માટે ૩ વર્ષ અને અ.જા./અ.જ.જા.ના ઉમેદવારો માટે ૫ વર્ષ મહત્તમ વયમર્યાદામાં છૂટછાટ રહેશે. ગુજરાતના ૨૦૦૨ના અને ૧૯૮૪ના કોમી રમખાણોમાં માર્યા ગયેલા પરિવારના આશ્રિતો અને બાળકોને વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. આવા બાળકો તથા આશ્રિતોએ આ સંબંધમાં જિલ્લા કલેક્ટર પાસેથી પ્રમાણપત્ર લાવવાનું રહેશે. એસસી/ એસટી/ઓબીસીને સરકારી સૂચનાઓ પ્રમાણે છૂટછાટ આપવામાં આવશે.

➢ **શિક્ષણ :** લઘુત્તમ મેટ્રિક અથવા સમકક્ષ.

➢ **શારીરિક ધોરણ :**

| રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ | ઊંચાઈ (લઘુત્તમ) | છાતી (લઘુત્તમ) | વજન |
|---|---|---|---|
| નાગા/મિઝો સહિતના કે.શા.પ્ર. અને તમામ રાજ્યોના શીડ્યુલ ટ્રાઈબ્સ | ૧૬૨.૫ સે.મી. | ૭૬-૮૧ સે.મી. (ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલાવેલ) | મેડિકલ ધોરણો મુજબ ઊંચાઈ અને વયને સમકક્ષ |
| ગઢવાલ, કુમાઉ, હિમાચલ પ્રદેશ, ગોરખા, ડોગરા, મરાઠા, સિક્કિમી, લેહના પર્વતીય વિસ્તાર તેમજ લડાખ, કાશ્મીર ખીણ અને ઉત્તર-પૂર્વના રાજ્યના પુરૂષો | ૧૬૫ સે.મી. | ૭૮-૮૩ સે.મી. (ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલાવેલ) | મેડિકલ ધોરણો મુજબ ઊંચાઈ અને વયને સમકક્ષ |
| **અન્ય તમામ રાજ્યો (ગુજરાત સહિત) અને કેન્દ્રશાસિત પ્રદેશ** | ૧૭૦ સે.મી. | ૮૦-૮૫ સે.મી. (ઓછામાં ઓછી ૫ સે.મી. ફુલાવેલ) | મેડિકલ ધોરણો મુજબ ઊંચાઈ અને વયને સમકક્ષ |

❑ **મેડિકલ ધોરણ :**

➢ **દૃષ્ટિ :** ચશ્મા વગર બંને આંખોમાં લઘુત્તમ દૂરની દૃષ્ટિ ઓછામાં ઓછી ૬/૬ અને ૬/૯ હોવી જોઈએ.

➢ ઉમેદવાર ઘૂંટણની ખામી, સપાટ પગ, વેરીકોસ વેઈન અને ત્રાંસી નજર ધરાવતા ન હોવા જોઈએ/આંખમાં ફુલુ ન હોવું જોઈએ અને તેઓ શ્રેષ્ઠ રંગ પારખવાની દૃષ્ટિ ધરાવતા હોવા જોઈએ.

➢ તેઓ સારી માનસિક અને શારીરિક હાલત ધરાવતા હોવા જોઈએ અને ફરજ નિભાવવામાં અડચણરૂપ હોય તેવી શારીરિક ખામીથી મુક્ત હોવા જોઈએ.

❑ **પુનઃ રોજગાર અથવા નિવૃત્ત સૈનિકો/કોન્સ્ટેબલ માટે પાત્રતા (જીડી)**

➢ સેવા પામેલા નિવૃત્ત સૈનિકોની તબીબી ક્ષમતાની ચકાસણી કરવા માટે ફક્ત લેખિત પરીક્ષા મુલાકાતની કસોટી કરવામાં આવશે. સરકારી કુલ છૂટછાટ હુકમ પ્રમાણે શારીરિક ધોરણ તથા શિક્ષણની છૂટછાટ આપવામાં આવશે. લશ્કરી સેવાના ૩ વર્ષ સુધી ઉપલી વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે. તેમ છતાં લશ્કરી સેવા તથા પુનઃ રોજગારનો સમયગાળો ૨ વર્ષથી વધુ ન હોવો જોઈએ. નિવૃત્ત સૈનિકો માટે કોઈ શારીરિક કસોટી જરૂરી નથી.

➢ સરકારી/અર્ધ સરકારી વિભાગમાં સેવા બજાવતા કર્મચારીઓ એનેક્ષર-૧ પ્રમાણે 'ના-વાંધા પ્રમાણપત્ર' સાથે પોતાની અરજી યોગ્ય પ્રતિનિધિ મારફતે મોકલવાની રહેશે.

➢ સેવા બજાવતા/નિવૃત્ત બીએસએફ કર્મચારીઓના (પુત્રો) વોડ પણ અરજી કરી શકે છે.સેવા બજાવતા બીએસએફના કર્મચારીઓના પુત્રો પોતાના ગૃહ રાજ્ય અથવા ભરતીના સમયે પોતાના પિતા જે રાજ્યમાં મુકાયેલા હોય તે રાજ્ય દ્વારા અરજી કરી શકે છે. બીએસએફમાં સેવા બજાવતા નોંધાયેલા કર્મચારીઓને પણ છૂટછાટ મળવાપાત્ર છે.

❑ **કસોટી :**

➢ શારીરિક ક્ષમતા કસોટી મુલાકાત (૨૫ ગુણ), જેમ કે ૧ માઈલ દોડ ૬.૫ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. ૧૧ ફૂટ લાંબી કૂદ, ૩.૬ ફૂટ ઊંચી કૂદ.

➢ **લેખિત કસોટી :** વૈકલ્પિક પ્રકારની (સામાન્ય જ્ઞાન-૨૫ ગુણ અને વર્ણનાત્મક પ્રકાર એટલે કે નિબંધલેખન, અનુલેખન (શ્રુતલેખન/હિન્દી/અંગ્રેજી) અને ગણિત વગેરે-૨૫ ગુણ).

➢ **ઈન્ટરવ્યૂ :** અંગત સહનશીલતા, લક્ષ્યાંક, બુદ્ધિમતાનું સામાન્ય સ્તર. (૧૫ ગુણ)

➢ **મેડિકલ પરીક્ષણ :** બીએસએફ મેડિકલ મેન્યુઅલ મુજબ.

➢ એન.સી.સી/આઈ.ટી.આઈ. ડિપ્લોમા અને પ્રમાણપત્ર ધારક તથા રાષ્ટ્રીય/રાજ્ય/યુનિવર્સિટી સ્તરના સ્પોર્ટસમેનને ૧૦ બોનસ માર્ક મળશે.

❑ **અરજી કરવાની રીત અને અંતિમ તારીખ :**

➢ પરિશિષ્ટ-૧માં આપેલ નિયત સ્વરૂપે સ્વચ્છ સુવાચ્ય રીતે કાગળની એક બાજુએ લખીને અથવા ટાઈપ કરીને ફુલસ્કેપ કાગળમાં મોકલવાની રહેશે. અરજી ઉપર પાસપોર્ટ કદનો ફોટોગ્રાફ ચોંટાડવાનો રહેશે. (તેને ગેઝેટેડ અધિકારી પાસે પ્રમાણિત કરાવવો.)

➢ અરજી પરબીડિયામાં મૂકી આ અરજી **તા. ૪-૪-૨૦૦૯** સુધીમાં નીચે જણાવેલ સરનામે ટપાલથી મોકલવી.

**ઈન્સ્પેક્ટર જનરલ, ફ્રન્ટીયર હેડક્વાર્ટસ,**
**બીએસએફ (ગુજરાત), પો.ઓ. જીસી-સીઆરપીએફ,**
**ચિલોડા રોડ, ગાંધીનગર-૩૮૨૦૪૨**

➢ **અરજી નીચેના દસ્તાવેજો સાથે મોકલવાની રહેશે.**

● સામાન્ય/અ.પ.વ.ના ઉમેદવારોએ **આઈજી બીએસએફ ગુજરાત, એસબીઆઈ જીસી સીઆરપીએફ ગાંધીનગર. કોડ નં. ૬૮૨૫** ખાતે ચુકવાય તેવો **રૂા. ૫૦/-**નો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવો. **અથવા** સામાન્ય/અ.પ.વ.ના ઉમેદવારોએ **પોસ્ટ ઓફિસ ગ્રુપ સેન્ટર, CRPF, ગાંધીનગર** ખાતે ચુકવાય તેવો **"આઈજી, બીએસએફ ગુજરાત"**ની તરફેણમાં **રૂા. ૫૦/-**નો ભારતીય પોસ્ટલ ઓર્ડર સામેલ કરવો. ● વય/જન્મતારીખ અને શૈક્ષણિક લાયકાતના પુરાવારૂપે સર્ટિફિકેટસ/પ્રશસ્તિપત્રોની પ્રમાણિત નકલો. ● એસડીઓ/એસડીએમ વગેરેથી નીચેની કક્ષાના નહિ તેવા અધિકારી દ્વારા અપાયેલ જાતિ/કેટેગરીના સર્ટિફિકેટની પ્રમાણિત નકલ અ.જા./અ.જ.જા./અ.પ.વ.ના ઉમેદવારોએ બીડવી. ● તેહસીલદાર કે એસડીઓ/એસડીએમ વગેરેથી નીચેના નહિ તેવા અધિકારી દ્વારા અપાયેલ વતન અંગેના ડોમીસાઈલ સર્ટિફિકેટની પ્રમાણિત નકલ. ● ૨૩ × ૧૦ સે.મી.નું પોતાના સરનામાવાળું રૂા. ૫/-ની ટપાલ ટિકિટ ચોંટાડેલ અને સંપૂર્ણ નામ-સરનામું-પિનકોડ લખેલું પરબીડિયું. ● પરિશિષ્ટ-૨માં જણાવ્યા મુજબના સ્વરૂપે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે (ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવીને) પ્રવેશ કાર્ડ ભરીને અરજી સાથે મોકલવાનું રહેશે.

❑ **પસંદગી પ્રક્રિયા :** યોગ્ય ઉમેદવારોને ઈન્ટરવ્યૂ/કસોટીની તારીખના ૧૫ દિવસ અગાઉ કસોટી/ઈન્ટરવ્યૂમાં હાજર રહેવા રોલ નંબર સાથેનું એડમિટ કાર્ડ અને સામાન્ય સૂચનાઓ મોકલાશે. ઉમેદવારોને હેડ કવાટર્સ, બીએસએફ ગાંધીનગર સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે. આ માટે કોઈ ટીએ/ડીએ અપાશે નહિ. અધૂરી અરજીઓ સદંતર નકારાશે અને આ સંદર્ભે કોઈ પત્રવ્યવહાર પર ધ્યાન અપાશે નહિ.

➢ આ જગા સમગ્ર ભારતમાં કોઈપણ સ્થળ માટે છે અને પસંદ થયેલ ઉમેદવારને ભારતમાં કે વિદેશમાં કોઈપણ સ્થળે મુકવામાં આવશે. તેઓને બીએસએફ એક્ટ અને નિયમો તેમજ સીસીએસ નિયમો હેઠળ કાર્ય કરવાનું રહેશે.

❑ **તા. ૪-૪-૨૦૦૯ પછી મળેલ અરજીઓ પર ધ્યાન અપાશે નહિ.**

## પરિશિષ્ટ-૧

**સરહદ સલામતી દળમાં કોન્સ્ટેબલ (જનરલ ડ્યુટી)ની જગા માટે અરજી**

(અરજીપત્રક સ્વચ્છ અને સુવાચ્ય રીતે મોટા અક્ષરોમાં ભરવાનું રહેશે અને તમામ વિગતો દર્શાવવાની રહેશે તેમજ પ્રશસ્તિપત્રોની પ્રમાણિત નકલો સાથે બીડવાની રહેશે. અધૂરી અરજીઓ ધ્યાનમાં લેવાશે નહિ)

અહીં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ચોંટાડો. આશરે (૩.૫ × ૪.૫ સે.મી.)તેને ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાવવો.

૧. સંપૂર્ણ નામ (મોટા અક્ષરોમાં) ______

૨. પિતાનું નામ ______

૩. એસસી/એસટી/અ.પ.વ./જનરલ, હોવ તો ______

૪. રાષ્ટ્રીયતા (જન્મથી કે ડોમીસાઈલથી રાજ્યમાં રહે છે) ______

૫. જન્મતારીખ (ખ્રિસ્તી કેલેન્ડર મુજબ) ______
વયના પુરાવા માટે મેટ્રિક્યુલેશન/હાયર સેકન્ડરી કે એસ.એસ.એલ.સી.ના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બીડવી)

૬. કાયમી સરનામું ______

૭. ટપાલનું વર્તમાન સરનામું ______

૮. ધર્મ જેમ કે હિન્દુ/મુસ્લિમ/ ખ્રિસ્તી/શીખ/બૌદ્ધ વગેરે ______

૯. શૈક્ષણિક લાયકાત ______

૧૦. શારીરિક ધોરણ :
(એ) ઊંચાઈ (સે.મી.) ______ (બી) છાતી (સે.મી.) ______
ફુલાવ્યા વગર______ સે.મી. ફુલાવેલ ______ સે.મી.
(સી) વજન ______ કિ.ગ્રામ

૧૧. હોદ્દા અને સર્વિસ નંબર/વિભાગના નામ વગેરે સાથે વર્તમાન નોકરી જો હોય તો તેની વિગતો ______

૧૨. બીએસએફ સૈનિકના પુત્ર છો તો તે જણાવો, ______
જો હા હોય તો, રેન્ક, રજિ. નંબર ....... જેમાં ______
સેવા બજાવતા હોય/છેલ્લે સેવા બજાવી હોય તે યુનિટ/એચક્યુ અને નામ

૧૩. ભા.પો.ઓ., બેન્ક ડ્રાફ્ટ નં. અને તારીખ, ઈસ્યુ કરનાર શાખા ______

૧૪. બીડાણ યાદી ______

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*

# www.gujaratpublications.com

# For any query or problem related to Gujarat Rojgar Samachar weekly or career related query

# Contact

pub-info@gujarat.gov.in

ddiprakashan@yahoo.co.in